૧

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૬ * અંક-૮ * એપ્રિલ, ૨૦૨૨



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● અંધ પુરુષકા સ્વભાવ હી અંધા હોતા હૈ. ઉસે કુછ દીખતા હી નહીં હૈ. ઈસી તરહ જો મિથ્યાત્વકે ઉદયસે અંધા હૈ વહ હિત-અહિત, ધર્મ-અધર્મ પર દૃષ્ટિ ન દેતા હું —આ અજ્ઞાનસે કુઆચરણ કરકે ભોગોંમેં લિપ્ત હોકર દુઃખકા બીજ બોતા હૈ. અનંતાનંત દોષોંકા પાત્ર હોતા હૈ, સંસારમેં નરકગતિમેં જાતા હૈ યા નિગોદમેં દીર્ઘકાલ બિતાતા હૈ. ૧૯૩૧. (શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૨૫૩)

● જિસકે આધીન અપની આત્મા નહીં હૈ ઉસકે આધીન દૂસરે માનવ કૈસે હો સકતે હૈ ? જિસકે આધીન અપની આત્મા હૈ વ જો શાંત હૈ ઉસકે આધીન તીન લોક હો જાતા હૈ. ૧૯૩૩. (શ્રી કુલધર આચાર્ય, સાર સમુચ્ચય, શ્લોક-૩૦૦)

● મિથ્યાદૃષ્ટિ અપનેકો ઐસા વિશેષ માનતા હૈ કિ મૈં સબમેં શ્રેષ્ઠ બ્રાહ્મણ હૂં, મૈં વણિક હૂં, મૈં ક્ષત્રિય હૂં, મૈં ઈનકે સિવાય શૂદ્ર હૂં, મૈં પુરુષ હૂં, નપુંસક હૂં ઔર સ્ત્રી હૂં ઈસ પ્રકાર શરીરકે ભાવોંકો મૂર્ખ અપને માનતા હૈ. સો યે સબ શરીરકે હૈ. આત્માકે નહીં હૈ. ૧૯૩૪. (શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૧, ગાથા-૮૧)

● ઈસ સંસારમેં રાગાદિ પરપરિણતિકે કારણ અનંત ભવોંમેં અનંત પ્રકારકે ભય બને રહેતે હૈ. મરણભય, ઈષ્ટ વિયોગભય, રોગ ભય આદિ આદિ. જબ ભવ્યજીવ સમ્યગ્જ્ઞાની હો જાતા હૈ, તબ સબ ભયોંસે રહિત હો જાતા હૈ. ફિર ઉસકે સંસારકે ભ્રમણકા ભય ભી નાશ હો જાતા હૈ. વહ ભવ્યજીવ ગુણોંકા નિધાન હૈ. ઉસકે નિર્મલભાવ રહતે હૈ ઐસા જાનો. વાસ્તવમેં સમ્યગ્દૃષ્ટિ આત્મજ્ઞાની હોતા હૈ. ઉસકો નિશ્ચય હો જાતા હૈ કિ મૈં શુદ્ધાત્મ સ્વરૂપ હૂં, મેરી મુક્તિ મેરે હી પાસ હૈ, ઈસલિયે વહ પૂર્ણ નિર્ભય રહતા હૈ. ઉસકે ભીતર શુદ્ધાત્માકા સ્વભાવ પ્રકટરૂપસે ઝલકતા હૈ. વહ સ્વસંવેદન દ્વારા આત્માકે શુદ્ધ સ્વભાવકા અનુભવ કરતા હૈ. ૧૯૩૫.

(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૨૯૪)

● અહિંસા જ જગતનું રક્ષણ કરનાર માતા છે, અહિંસા જ આનંદની વૃદ્ધિ કરનાર છે, અહિંસા જ ઉત્તમ ગતિ છે, અહિંસા જ અવિનાશી લક્ષ્મી છે, અહિંસા જ મોક્ષસુખને ઉત્પન્ન કરનાર છે, અહિંસા જ સ્વર્ગ સંપત્તિને દેનાર છે, અહિંસા જ પરમ હિતકારી છે અને અહિંસા જ સર્વ આપદાઓનો નાશ કરનાર છે. ૧૯૩૬.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૮, શ્લોક-૩૨-૩૩)

વર્ષ–૧૬
અંક–૮




વિ. સંવત
૨૦૭૮
April
A.D. 2022



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## ચૈતન્યરસથી ભરેલી અનુભૂતિનો ગંભીર મહિમા

(સમયસાર કળશ ૯૩-૯૪ ઉપરનાં પ્રવચનમાંથી)

ચૈતન્યનો અનુભવ નયના પક્ષથી રહિત છે. હું શુદ્ધ છું, હું જ્ઞાન છું એવો જે શુદ્ધનયનો વિકલ્પ, તેનો પક્ષ અર્થાત્ તેમાં એકતાબુદ્ધિ તે પણ મિથ્યાત્વ છે. જ્ઞાન કર્તા ને વિકલ્પ મારું કર્મ—એવી અજ્ઞાનીની બુદ્ધિ છે. 'હું શુદ્ધ છું' એવો અનુભવ કરવાને બદલે 'હું શુદ્ધ છું' એવા વિકલ્પને જ પોતાનું કાર્ય માનીને અજ્ઞાની તેના વેદનમાં અટક્યો. વિકલ્પમાં અટક્યો તે ભટક્યો. જ્ઞાની તો વિકલ્પથી છૂટો પડીને, જ્ઞાનને અંતર્મુખ કરીને, શુદ્ધનયરૂપ પરિણતિ કરે છે તે પરિણમનમાં તેને કોઈ નયપક્ષ નથી, વિકલ્પ નથી, તે નિર્વિકલ્પ પક્ષાતિક્રાંત છે. ભગવાન આત્મા વિકલ્પવાળો નથી, વિકલ્પથી ચલાયમાન થાય તેવો નથી, કે વિકલ્પથી વેદનમાં આવે તેવો નથી. આવો નિર્વિકલ્પ અચલ વિજ્ઞાનઘન આત્મા ધર્મીજીવને પોતાના અનુભવમાં આવે છે; આવો આત્મા તે સમયસાર છે, તે જ સમ્યગ્દર્શન છે, તે જ સમ્યગ્જ્ઞાન છે, તે જ આનંદ છે, જે કાંઈ છે તે આ એક જ છે. ધર્મીના આવા અનુભવમાં એકલો વિજ્ઞાનમય આનંદરસ જ ભર્યો છે; તેમાં વિકલ્પનો રસ નથી.

ચૈતન્યતત્ત્વ એવડું મોટું મહાન છે કે તેને વિકલ્પવાળો કહેવો તે કલંક છે.

**ચિત્રી ચિત્રગુપ્ત ચિદવેદી, શ્રીકારી સંસાર ઉછેદી;**
**ચિતસન્તાની ચેતનવંશી, પરમાચારી ભરમવિધ્વંશી. ૬૯**

કવિવર પં. બનારસીદાસજી કૃત
**શ્રી જિનસહસ્રનામ સ્તોત્ર**

અંતર્મુખ નિર્વિકલ્પ પર્યાયમાં આત્મા પ્રાપ્ત થયો, તે જ સમ્યગ્દર્શન છે. અજ્ઞાનદશામાં વિકલ્પને પામતો, વિકલ્પનો રસ લેતો; હવે જ્ઞાનદશામાં ચૈતન્યની અનુભૂતિ થઈ તે આત્માનો શણગાર છે, તેનાથી આત્મા શોભે છે. વિકલ્પના શણગાર આત્માને શોભતા નથી, તે તો કલંક છે. આત્મા તો કેવળજ્ઞાનની વેલડીનો કંદ છે, તેનામાં તો અનુભૂતિના આનંદના પાક પાકે છે. સમ્યગ્દર્શન થતાં અનંતગુણનાં પાક પાક્યા છે. ધર્મી જીવ વિકલ્પને છોડીને અંતરમાં ચૈતન્યભાવને આસ્વાદતો થકો નિર્વિકલ્પ ભાવને આક્રમે છે એટલે ઝડપથી તેને પહોંચી વળે છે. અહો ! નિભૃત—નિશ્ચળ પુરુષો આ આત્માને સ્વયં આસ્વાદે છે. જેણે વિકલ્પોની ચિંતાને દૂર કરી છે ને આત્મામાં જ્ઞાનને નિશ્ચળ કર્યું છે એવા નિભૃત પુરુષોને આ ભગવાન આત્મા સ્વસંવેદનપ્રત્યક્ષમાં પોતે સ્વયં આસ્વાદમાં આવે છે—આવી અનુભૂતિ વડે, આત્મા શોભે છે. વિકલ્પમાં આત્માનો સ્વાદ આવતો નથી. ભાઈ, તારા ચૈતન્યઘરમાં આનંદરસ ભર્યો છે તેને સ્વયં આસ્વાદમાં લે; વિકલ્પમાંથી આનંદ લેવા જઈશ તો નહીં મળે. આવા આત્માને સમ્યગ્દર્શનમાં અનુભવવો તે જ કર્તવ્ય છે. ધર્મીનું કર્તવ્ય હોય તો આ જ છે. વિજ્ઞાનઘન આત્માના રસથી ભરપૂર પરમાત્મા અનુભવમાં આવ્યો તેને જ સમ્યગ્દર્શન વગેરે નામ કહેવાય છે. ભાવમાં સમ્યક્ વેદન થયું ત્યારે સમ્યગ્દર્શન વગેરે સાચું નામ પડ્યું. વિકલ્પની પામરતામાં ભગવાન પરમાત્મા ન બેસે; તે તો અંતરની અનુભૂતિમાં પ્રગટ બિરાજે છે, વિજ્ઞાનરસથી તે ભરેલો છે, વિજ્ઞાનરસમાં જ્ઞાન-આનંદ વગેરે અનંત ગુણનો રસ સમાય છે. વધારે શું કહીએ ? શબ્દોથી પૂરું પડે તેમ નથી; જે કાંઈ છે તે બધું આ અનુભૂતિમાં સમાય છે, ચૈતન્યના અનંતગુણનો વૈભવ નિર્વિકલ્પ અનુભૂતિમાં સમાય છે.

જુનો પુરાણપુરુષ અનુભૂતિમાં પ્રસિદ્ધ થયો છે. પવિત્ર સ્વભાવી પુરાણપુરુષ ભગવાન આત્મા અનાદિઅનંત એવો ને એવો છે પણ પર્યાયમાં અનુભૂતિ થતાં તે નિર્મળ પર્યાયરૂપે પ્રસિદ્ધ થયો; ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-અનુભૂતિ-શાંતિ-પરમઆનંદ વગેરે નામથી ઓળખવામાં આવે છે. અનુભૂતિસ્વરૂપ થયેલા તે એક આત્માને જ આ બધા નામથી કહેવામાં આવે છે. આવો આત્મા તે જ 'સમયસાર' છે. અનુભવમાં ધર્મીને તે સમ્યક્પણે દેખાય છે—જણાય છે, શ્રદ્ધાય છે, તેથી તે એક જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે, તેનાથી ભિન્ન બીજું કોઈ સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન નથી. જે કાંઈ છે તે આ એક જ છે. સ્ત્રી હોય, પુરુષ હોય કે નરકમાં રહેલો નારકી હોય,—જેણે અંતરમાં

**સદાચરણ સ્વશરણ શિવગામી, બહુદેશી અનંત પરિણામી;**
**વિતથભૂમિદારન હલપાની, ભ્રમવારિજવનદહન હિમાની. ૭૦**

આવો આત્મા અનુભવ્યો તે પુરાણપુરુષ છે, તે ભગવાન સમયસાર છે, તે જ આત્મા પોતે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. અતીન્દ્રિય આનંદના સ્વાદને લેતો અનુભૂતિ સ્વરૂપ થયેલો આત્મા, તેનાથી જુદા કોઈ સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન નથી. તે આત્મા પોતે પોતાના સમ્યક્ સ્વરૂપે પ્રસિદ્ધ થયો છે, તે પોતે જ સમ્યગ્દર્શનરૂપ થઈને પરિણમ્યો છે. અહો, સમ્યગ્દર્શનના ગંભીર અનુભવની અલૌકિક વાત આચાર્ય ભગવાને આ સમયસારમાં ખુલ્લી કરી છે; તેમાંય આ ૧૪૪મી ગાથામાં તો સમ્યગ્દર્શન થવાની રીતનું અલૌકિક વર્ણન કર્યું છે, ને અમૃતચંદ્રાચાર્યદેવે તેના ઉપર સાત કળશ ચડાવ્યા છે.

જેમ પાણી પાણીના પ્રવાહમાં ભળી જાય, તેમ ચૈતન્યપરિણતિ પહેલાં વિકલ્પમાં ભમતી હતી. તે હવે ચૈતન્યસ્વભાવમાં ભળીને મગ્ન થઈ ને ચૈતન્ય પોતે પોતાના વિજ્ઞાનરસમાં ભળી ગયો; હવે ધર્મી એક વિજ્ઞાનરસપણે જ પોતાને અનુભવે છે. અહો ! આ મર્યાદિત અસંખ્યપ્રદેશી ચૈતન્યતત્ત્વમાં અનંત-અનંત ગંભીરતા ભરી છે, અનંત શક્તિનો પિંડ વિજ્ઞાનઘન ઢગલો, જેના અનંત મહિમાની ગંભીરતા વિકલ્પમાં આવી શકે નહિ, તેને ધર્મી જીવ અનુભવે છે. અહો, ચૈતન્યના રસિકજનો તો પોતાના આત્માને નિર્વિકલ્પ ચૈતન્યરસપણે જ અનુભવે છે. પાણીનો પ્રવાહ દરિયામાં ભળી જાય તેમ ચૈતન્યપરિણતિનો પ્રવાહ ઝડપથી અંતરમાં વળીને ચિદાનંદ સમુદ્રમાં મગ્ન થયો, ત્યાં આત્મા પોતાના શાંત—આનંદરસમાં લીન થયો.

ચૈતન્યનો માર્ગ ઊંડો છે—ગંભીર છે. વિકલ્પોમાં તો કાંઈ ગંભીરતા નથી, તે તો બહાર ભમનારા છે; ને ધર્મીની ચૈતન્યપરિણતિ તો વિકલ્પથી પાર, અનુભૂતિના ગંભીર માર્ગે અંતરમાં વળીને ચૈતન્યસમુદ્રમાં એકાગ્ર થાય છે. આત્માનો માર્ગ તો ગંભીર—ઊંડો જ હોય ને ! જેના વડે અનાદિના દુઃખથી છૂટકારો થાય ને અનંતકાળનું સુખ મળે—તે માર્ગની શી વાત ? તે અનુભૂતિની શી વાત ! વચનાતીત વસ્તુને વચનથી તો કેટલી કહેવી ? અનુભવમાં લ્યે ત્યારે પાર પડે તેવું છે; વચનના વિકલ્પથી એનો પાર પડે તેમ નથી. ધર્મીની પર્યાય વિકલ્પના માર્ગેથી પાછી વળી ગઈ છે ને વિવેકના માર્ગે અંદર ઢળી ગઈ છે. વિવેક એટલે ભેદજ્ઞાન, તેના મારગ ઊંડા છે, ગંભીર છે, ને તેનું ફળ પણ મહાન છે. આચાર્ય ભગવંતોના હૃદય ઊંડા ને ગંભીર છે; ચૈતન્યના અનુભવના રહસ્યો આ સમયસારમાં ભર્યા છે... ભવ્ય જીવોને ન્યાલ કરી દીધા છે. વાહ રે વાહ ! સમ્યગ્દર્શન પામવાની ને ભગવાનના માર્ગમાં ભળવાની અફર રીત સંતોએ પ્રસિદ્ધ કરી છે.

(ક્રમશઃ) ❊

ચારુ ચિદંકિત દ્વન્દાતીતી, દુર્ગરૂપ દુર્લ્લભ દુર્જીતી;
શુભકારણ શુભકર શુભમંત્રી જગતારન જ્યોતીશ્વર જંત્રી. ૭૧




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૦, બુધવાર) (ગાથા ૪૦)

હવે, શુદ્ધાત્મામાં પ્રદેશબંધ નથી—એ વાત કરે છે. અશુદ્ધ આત્મા સાથે કર્મવર્ગણારૂપ પુદ્‌ગલો એકક્ષેત્રે બંધાય તે પ્રદેશબંધ છે, તેનું કારણ પણ યોગનું કંપન છે. શુદ્ધાત્મામાં તે કર્મબંધન તેમજ યોગ નથી; આત્મામાં 'યોગ' નામનો ગુણ ત્રિકાળ છે, ત્રિકાળી સ્વભાવ કદી અશુદ્ધ થતો નથી. આત્મામાં વિભાવ થવાની યોગ્યતા એક સમય પૂરતી છે. યોગ ગુણની અવસ્થા વિકારી હોય ત્યારે આત્મપ્રદેશોમાં કંપન થાય છે, તેરમા ગુણસ્થાને બિરાજમાન અરિહંત ભગવાનને પણ યોગનું કંપન હોય છે અને તેને કારણે સાતાવેદનીયના પરમાણુઓ આવે છે એટલે તેમને પણ પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ છે; પરંતુ તેમને કષાયનો સંપૂર્ણ અભાવ હોવાથી કર્મમાં જરા પણ સ્થિતિ કે અનુભાગ હોતો નથી; તેથી સાતાવેદનીયકર્મના પરમાણુઓ જે સમયે આવે છે તે જ સમયે ખરી જાય છે,—આને 'ઈરિયાવહી ક્રિયા' (—ઈર્યાપથઆસ્રવ) કહેવાય છે. સામાન્ય સંસારી જીવો કરતાં અરિહંત ભગવાનને તેરમા ગુણસ્થાને યોગનું કંપન ઘણું હોય છે. આ બધી એક સમયના પર્યાયની વાત છે, એક સમયના પર્યાય જેટલો આત્મા નથી. ત્રિકાળી આત્મદ્રવ્યને જોતાં તેમાં કંપન કે પ્રદેશબંધ નથી. આવું જ બધા આત્માનું પરમાર્થસ્વરૂપ છે.

શુદ્ધાત્મામાં અનુભાગબંધ નથી—એ વાત હવે કરે છે. શુભ કે અશુભકર્મોમાં, નિર્જરતી વખતે ફળ દેવાની શક્તિને અનુભાગ બંધ કહેવાય છે. જ્યારે કર્મની સ્થિતિ પૂરી થાય ત્યારે તે ઉદયમાં આવીને ખરી જાય છે, તે વખતે જીવ જેટલે અંશે તેમાં જોડાય તેટલે અંશે વિકારરૂપ ફળ આવે છે. પણ કર્મના ઉદય વખતે જીવને વિકાર કરવો જ પડે—એવું નથી. જેમ ચોખાનો સ્વાદ ચોખામાં છે તેમ કર્મનો વિપાક કર્મમાં જ છે; કર્મનો તીવ્ર કે મંદ અનુભાગ એક જ સમય પૂરતો છે અને તેના નિમિત્તે થતી સુખ—દુઃખરૂપ લાગણી પણ એક જ સમયની છે, તે જીવનું સ્વરૂપ નથી.

આત્મામાં જડ કર્મનો પાક થતો નથી તેમ જ ક્રોધ-માન-માયા-લોભરૂપી ભાવો પણ ખરેખર આત્મામાંથી પાકતા નથી; આત્મામાંથી તો જ્ઞાન અને વીતરાગતા જ પાકે છે. જો

જિનપુદ્‌ગલ જિનકેહરી, જ્યોતિરૂપ જગદીશ;
મુક્તિ મુકુન્દ મહેશ હર, મહદાનંદ મુનીશ. ૭૩

વિકારનો પાક ખરેખર આત્મામાંથી પાકતો હોય તો સિદ્ધના આત્માને ય વિકાર થાય. શુદ્ધ આત્મામાંથી વિકારનો પાક થતો જ નથી. અજ્ઞાનભાવમાંથી વિકારનો પાક થાય છે ને ચૈતન્યસ્વભાવમાંથી તો મોક્ષદશારૂપી પાક પાકે છે.

જેમ આંબાના ખેતરમાંથી આંબાના ઝાડ કાઢીને કોઈ મૂર્ખ માણસ લીમડાના ઝાડ વાવે, તેમ આત્માના ચૈતન્યક્ષેત્રમાં અજ્ઞાની જીવ પુણ્ય—પાપને પોતાનું સ્વરૂપ માનીને વિકારની ઉત્પત્તિ કરે છે. વિકારની ઉત્પત્તિનું સ્થાન ત્રિકાળી આત્મદ્રવ્ય નથી પણ એક સમયની અવસ્થા છે. કર્મોનો અનુભાગ તો કર્મના રજકણોમાં આવે છે. તે એક સમયનો વિકાર અને કર્મોનો અનુભાગ એ બંનેથી પાર ત્રિકાળ આનંદમય આત્મસ્વરૂપની ઓળખાણ કરીને તેમાં રમણતા કરવી તે ધર્મ છે.

આત્મસ્વભાવમાં પ્રદેશ-પ્રકૃતિ-સ્થિતિ કે અનુભાગ એ કોઈ પ્રકારનો બંધ નથી. જેમ લાડવામાં તેના પરમાણુઓનો જથ્થો તે તેનો પ્રદેશબંધ છે તેમ કર્મોના પરમાણુઓનો જથ્થો આત્મા સાથે એકક્ષેત્રે રહે છે તે પ્રદેશબંધ છે; ચૂરમાનો લાડવો કે મગજનો લાડવો વગેરે લાડવાની પ્રકૃતિ છે તેમ કર્મમાં જ્ઞાનાવરણ વગેરે આઠ જાત છે તે તેની પ્રકૃતિ છે; લાડવામાં ચાર-છ દિવસ રહેવાની મર્યાદા તે તેની સ્થિતિ છે તેમ કર્મોની આત્મા સાથે રહેવાની મુદત તે તેની સ્થિતિ છે; અને લાડવામાં ઓછું—વધારે ગળપણ તે તેનો અનુભાગ છે તેમ તીવ્ર કે મંદ ફળ દેવારૂપ કર્મની શક્તિ તે તેનો અનુભાગ છે. કર્મમાં પ્રદેશ અને પ્રકૃતિ થવાનું કારણ યોગ છે અને સ્થિતિ તથા અનુભાગનું કારણ કષાય છે. મિથ્યાદષ્ટિને અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભકષાય હોય છે.

આત્માના પવિત્ર સ્વરૂપનો અણગમો અને વિકારની રુચિ તે અનંતાનુબંધી ક્રોધકષાય છે. પુણ્યવડે અને પરવસ્તુ વડે આત્માની મોટાઈ માનવી—એવી જે પરમાં અહંબુદ્ધિ તે અનંતાનુબંધી માનકષાય છે. આત્માના સહજ સ્વભાવનો સરળ માર્ગ છે તેને ન માનતાં, આડાઈ—વક્રતા કરીને 'પુણ્ય કે શરીરની ક્રિયા કરતાં કરતાં ધર્મ થશે' એમ માનવું તે અનંતાનુબંધી માયાકષાય છે; અથવા, સ્વભાવ સમજી શકાય તેવો સરળ હોવા છતાં 'સ્વભાવ સમજવો કઠણ છે' એમ માનીને સ્વભાવ સમજવામાં આડ મારવી તે અનંતાનુબંધી માયાકષાય છે. અને પુણ્યભાવને તથા પરવસ્તુને પોતાનાં માનીને તેને ગ્રહણ કરવાની બુદ્ધિ તે અનંતાનુબંધી લોભકષાય છે. મિથ્યાત્વપૂર્વકના આવા કષાયભાવ તે બંધનનું મુખ્ય કારણ છે. પરથી અને વિકારથી જુદા શુદ્ધાત્માની સાચી ઓળખાણ થતાં

દુરિતદલન સુખકન્દ, હતભીત અતીત અમન્દ;
શીલશરણ હતકોપ, અનભંગ અનંગ અલોપ. ૭૩

આવા અનંતાનુબંધી ક્રોધાદિ કષાય ટળી જાય છે. અને પછી પણ જે અલ્પ કષાયભાવ થાય તે બંધનું જ કારણ છે. પરંતુ આત્માને બંધન છે એમ કહેવું તે વ્યવહારથી છે; નિશ્ચયથી તો ચાર પ્રકારના કર્મબંધન અને તેના કારણરૂપ કષાય તથા યોગ તે આત્મસ્વરૂપમાં નથી; આત્મા કદી કર્મોને સ્પર્શ્યો પણ નથી.

નિર્મળ આત્મસ્વરૂપમાં ઉદયસ્થાનો નથી—એમ હવે કહે છે. આકાશ જેવા નિર્મળ આત્મામાં દ્રવ્યકર્મ કે ભાવકર્મના ઉદયને રહેવાની જગ્યા જ નથી. ઉપર જે આકાશ દેખાય છે તે તો પુદ્‌ગલ પરમાણુઓનો જથ્થો છે, તેની વાત નથી. પણ આકાશ નામનું એક અરૂપી દ્રવ્ય છે, તેમાં કોઈ ચિત્રામણ થઈ શકે નહિ, તે સદાય શુદ્ધ છે, તેમાં કદી વિકાર થતો નથી; તે આકાશ જેવો શુદ્ધ આત્મસ્વભાવ છે, તે સ્વભાવમાં વિકાર પ્રવેશતો નથી અને જડ કર્મોનો ઉદય પણ તેમાં નથી. જડ કર્મોનો ઉદય જડમાં આવે છે અને કર્મના લક્ષે જે વિકારીભાવ થાય તે ભાવકર્મ છે, તેના ઉદયનું સ્થાન પણ આત્મસ્વભાવમાં નથી. પોતાના ઘરમાં રહેલી મૂડીની જ્યાંસુધી ખબર ન હોય ત્યાં સુધી પારકી મૂડી લઈને દેણું કરે છે પણ પોતાના ઘરમાં રહેલી મૂડીની ખબર પડતાં પારકું દેણું ચૂકવીને કરજથી મુક્ત થઈ જાય છે; તેમ આ આત્માને જ્યાંસુધી પોતાના પરિપૂર્ણ સ્વભાવની ઓળખાણ ન હોય ત્યાં સુધી તે વિકારભાવને અને કર્મોને પોતાના માની માનીને અંગીકાર કરે છે ને સંસારમાં રખડે છે. પણ જ્યારે સત્સમાગમે પોતાના મૂળ સ્વભાવની ઓળખાણ થઈ ત્યારે વિકારને કે કર્મોને પોતાના માનતો નથી અને તેને છોડીને મુક્ત થઈ જાય છે. જ્યારે સ્વભાવદૃષ્ટિથી જીવ પોતાનું સ્વરૂપ દેખે ત્યારે તેને આવું સ્વરૂપ સમજાય છે કે—અહો! મારો આત્મા શુદ્ધ પરિપૂર્ણ છે, તે કદી વિકારરૂપે થયો જ નથી અને તેને કર્મો અડ્યાં જ નથી. મેં અત્યાર સુધી અજ્ઞાનભાવથી વિકારને જ આત્મા માન્યો હતો, પણ મારો આત્મસ્વભાવ તો વિકારથી જુદો, સદા એવો ને એવો એકરૂપ શુદ્ધ છે. આવો શુદ્ધ આત્મા જ દરેક જીવને ઉપાદેય છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૪ થી ચાલુ)

ઉત્તર :—પુણ્યથી દેવ—ગુરુ—વાણીનો યોગ મળે છે તે બરાબર છે પણ પુણ્યભાવ વર્તમાનમાં દુઃખરૂપ છે ને ભાવી દુઃખનું કારણ છે તેમ શાસ્ત્રમાં કહ્યું છે. કેમ કે પુણ્યથી જે સામગ્રી મળશે તેના લક્ષે રાગ થશે તે દુઃખરૂપ છે. ભગવાનની વાણી મળે તેની સામે લક્ષ જાય તે રાગ દુઃખરૂપ છે. શુભરાગ આવે છે, હોય છે પણ ચેતનનો ધર્મ શુભરાગ નથી, શુભરાગ દુઃખરૂપ છે. આહાહા! આ વાત જગતને આકરી લાગે તેવી છે, ઝીણી વાત છે, બેસવી કઠણ પડે તેવી છે પણ જે સત્ય છે તે આમ જ છે.



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, દ્રવ્ય અને પર્યાયમાં સર્વથા ભેદ માને છે, તેમના મતમાં દૂષણ દર્શાવે છે :—

**जदि वत्थुदो विभेदो पज्जयदव्वाण मण्णसे मूढ।**
**तो णिरवेक्खा सिद्धी दोह्णं पि य पावदे णियमा ।।२४६।।**

અર્થ :—દ્રવ્ય અને પર્યાયમાં (સર્વથા) ભેદ માને છે, તેને કહે છે કે–હે મૂઢ! જો તું દ્રવ્ય અને પર્યાયમાં વસ્તુપણાથી પણ ભેદ માને છે, તો દ્રવ્ય અને પર્યાય બંનેની નિરપેક્ષ સિદ્ધિ નિયમથી પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ :—(એમ માનતાં) દ્રવ્ય અને પર્યાય જુદી જુદી વસ્તુ ઠરે છે પણ તેમાં ધર્મ–ધર્મીપણું સિદ્ધ થતું નથી.

લોકના છએ દ્રવ્યો અનેકાંતસ્વરૂપ છે એટલે કે દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે, જો તે દ્રવ્ય અને પર્યાયમાં સર્વથા ભેદ માને છે, તેમાં લાગવાવાળા દોષોને અહીં દર્શાવવામાં આવે છે.

દ્રવ્ય, અલગ વસ્તુ અને પર્યાય, અલગ વસ્તુ—એમ બે અલગ–અલગ વસ્તુઓ નથી. દ્રવ્ય અને પર્યાયનું ક્ષેત્ર ભિન્ન નથી, એક જ ક્ષેત્ર છે. દ્રવ્યથી પર્યાય ભિન્ન હોતી નથી. રાગપર્યાય જે થાય છે તે પણ આત્મદ્રવ્યથી અલગ નથી પરંતુ કથંચિત્ અભેદ છે. જેમ, સોનું અને તેના કુંડળ (કડા) આદિ અવસ્થાઓ અલગ નથી; સોનાની અવસ્થા સોનાની સાથે એકમેક છે; તે જ પ્રમાણે દરેક દ્રવ્યની અવસ્થા તે દ્રવ્યમાં જ થાય છે. દ્રવ્યની અવસ્થા તેનાથી ભિન્ન હોતી નથી. વાસ્તવમાં દ્રવ્ય વિનાની પર્યાય હોતી નથી અને પર્યાયથી રહિત દ્રવ્ય હોતું નથી. જ્ઞાનની અવસ્થા જાણે છે, તે અવસ્થા આત્માથી ભિન્ન નથી.

પ્રશ્ન :–રાગ આત્માથી ભિન્ન છે કે અભિન્ન ?

ઉત્તર :–કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ એકમેક–અભિન્ન છે.

હંસગરભ હતમોહ, ગુણસંચય ગુણસન્દોહ;
સુખસમાજ સુખગેહ, હતસંકટ વિગત સનેહ. ૭૪

પ્રશ્ન :—કઈ અપેક્ષાએ ?

ઉત્તર :—ત્રિકાળી દ્રવ્યમાં રાગ નથી, એ અપેક્ષાએ રાગ, આત્માથી ભિન્ન છે પરંતુ એક સમયમાત્ર પોતાની પર્યાયમાં રાગ થાય છે, માટે તે આત્માથી એકમેક છે. તાત્પર્ય એ છે કે રાગ, આત્માથી સર્વથા ભિન્ન નથી તથા સર્વથા અભિન્ન પણ નથી. દ્રવ્યદૃષ્ટિથી રાગ, આત્માથી ભિન્ન છે અને પર્યાયદૃષ્ટિએ રાગ આત્માથી અભિન્ન છે. રાગની જેમ જ જ્ઞાનપર્યાય પણ આત્માથી ભિન્ન નથી. દ્રવ્ય અને પર્યાયને વસ્તુરૂપથી ભેદ નથી. જ્ઞાનપર્યાય વિના આત્મા હોઈ શકે નહીં અને આત્મા વગર જ્ઞાનપર્યાય હોઈ શકે નહીં. જેમ, રાગની સાથે આત્માનું કથંચિત્ ભેદ—અભેદપણું કહેવામાં આવ્યું છે; તે જ પ્રકારે જ્ઞાનપર્યાયની સાથે પણ કથંચિત્ ભેદ—અભેદપણું છે.

કેવળજ્ઞાન પર્યાયનો કાળ એક સમયમાત્રનો છે અને દ્રવ્ય ત્રિકાળી છે. જો દ્રવ્ય અને પર્યાય સર્વથા એકમેક હોય તો પર્યાયનો અભાવ થતા દ્રવ્યનો પણ અભાવ થઈ જશે. માટે દ્રવ્ય—પર્યાયને કથંચિત્ ભેદ છે પરંતુ દ્રવ્ય અને પર્યાયનો સર્વથા ભેદ નથી. જો સર્વથા ભેદ હોય તો દ્રવ્ય ક્યાંક ને પર્યાય ક્યાંક—એવી ભિન્નતા સિદ્ધ થશે પરંતુ એવો પ્રદેશભેદ નથી. દ્રવ્ય અને પર્યાયનું અભેદપણું છે; આ પ્રમાણે ધર્મપર્યાય પણ આત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન છે.

ભાઈ ! દ્રવ્ય શું છે ? પર્યાય શું છે ? આ વસ્તુસ્વરૂપ સમજવું જોઈએ. જે પર્યાયને પરના કારણે થાય છે એમ માને છે, તેણે દ્રવ્ય અને પર્યાયને સર્વથા ભિન્ન માન્યા છે. કર્મે રાગ કરાવ્યો—એમ માને અથવા રાગ પર્યાય સર્વથા પરની જ છે, એમ માને તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. રાગ પર્યાય પણ આત્માની છે, તે પર્યાય સ્વયંથી થઈ છે.

દ્રવ્ય કોને કહે છે ? અનંત ગુણોના પિંડરૂપ વસ્તુને દ્રવ્ય કહે છે.

પર્યાય કોને કહે છે ? વસ્તુની પ્રતિસમય બદલવાવાળી દશાને પર્યાય કહે છે.

દ્રવ્ય, ત્રિકાળી છે અને પર્યાય, એક સમયમાત્રની છે પરંતુ તે એક સમયમાત્રની પર્યાય પણ વસ્તુની છે. ત્રિકાળી તત્ત્વની દૃષ્ટિની અપેક્ષાએ પર્યાયને અભૂતાર્થ કહ્યો છે, પરંતુ તે પર્યાય, પરની નથી; દ્રવ્ય અને પર્યાય બંને એક જ વસ્તુ છે, ભિન્ન-ભિન્ન વસ્તુ નથી. જેમ, માટી અને ઘડો એકમેક છે, ઘડો કુંભારથી તો ભિન્ન છે પરંતુ માટીથી ભિન્ન નથી; એ જ પ્રમાણે વિકારી પર્યાય પણ જડકર્મથી તો ભિન્ન છે પરંતુ આત્માથી તે પર્યાય ભિન્ન નથી. વિકાર પણ આત્માની પર્યાય છે, જો તે પર્યાયને નહીં માને તો તે જીવ મૂઢ છે.

**ક્ષોભદલન હતશોક; અગણિત બલ અમલાલોક,**
**ધૃતસુધર્મ કૃતહોમ, સતસૂર અપૂરવ સોમ. ૭૫**

આહાહા! સમયસારમાં તો કહે છે કે આત્માના સ્વભાવમાં વિકારનો અત્યંત અભાવ છે, વિકાર તો જડનો છે કારણ કે ત્યાં તો દ્રવ્યદષ્ટિનું કથન છે. પોતાની પર્યાયને ઓળખી છે, પછી દ્રવ્યદષ્ટિમાં તેનો નિષેધ કરે છે. પરંતુ જે જીવ, રાગ પર્યાયને પોતાની નથી જાણતો અને એમ માને છે કે કર્મ જ રાગ કરાવે છે તો તે જીવ મૂઢ છે. વિકાર પણ આત્માની પર્યાયમાં થાય છે; માટે પર્યાય અપેક્ષાએ તે પણ જીવનો ધર્મ છે.

જુઓ, વસ્તુને પોતાના દ્રવ્ય–પર્યાયની સાથે એકમેકપણું છે પરંતુ પરથી તો અત્યંત ભિન્નપણું છે. જડની પર્યાય જડનો ધર્મ છે, જીવ તેનો કર્તા નથી અને આત્માની પર્યાય આત્માનો પર્યાય ધર્મ છે. શરીર, જડનો ધર્મ છે, શરીરને ટકાવી રાખવું એ આત્માનો ધર્મ નથી. જે જીવ આ નક્કી કરે છે, તે પરથી ભિન્નપણું સમજીને સ્વસન્મુખ થાય છે. જીવમાં પણ પર્યાય એક સમયમાત્રની છે, તે ત્રિકાળ નથી—એમ જાણીને પર્યાયબુદ્ધિ છોડી ત્રિકાળી દ્રવ્યબુદ્ધિ થાય છે અર્થાત્ સમ્યગ્દર્શન થાય છે.

આ પ્રમાણે વસ્તુનો સ્વભાવ કથંચિત્ ભેદ–અભેદરૂપ છે આ વાત સર્વજ્ઞના શાસન સિવાય અન્ય ક્યાંય હોઈ શકે નહીં. (ક્રમશઃ) ❊

## આરાધના કરજે...

રે, આત્મા!

તારા જીવનમાં ઉત્કૃષ્ટ વૈરાગ્યના જે પ્રસંગો બન્યા હોય, ને વૈરાગ્યની સિતાર ઝણઝણી ઊઠી હોય... એવા પ્રસંગની વૈરાગ્યધારાને બરાબર જાળવી રાખજે, ફરીફરી તેની ભાવના કરજે, કોઈ મહાન પ્રતિકૂળતા, અપજશ વગેરે ઉપદ્રવ્ય પ્રસંગે જાગેલી તારી ઉગ્ર વૈરાગ્યભાવનાને અનુકૂળતા વખતે પણ જાળવી રાખજે. અનુકૂળતામાં વૈરાગ્યને ભૂલી જઈશ નહીં.

વળી કલ્યાણકના પ્રસંગોને, તીર્થયાત્રા વગેરે પ્રસંગોને, ધર્માત્માઓના સંગમાં થયેલી ધર્મચર્ચા વગેરે કોઈ અદ્‌ભુત પ્રસંગોને, સમ્યગ્દર્શનાદિ રત્નત્રય સંબંધી જાગેલી કોઈ ઉર્મિઓને તથા તેના પ્રયત્ન વખતના ધર્માત્માઓના ભાવોને યાદ કરીને ફરી ફરીને તારા આત્માને ધર્મની આરાધનામાં ઉત્સાહિત કરજે.

**હિમવત હતસંતાપ વ્રજવ્યાપી વિગતાલાપ;**
**પુણ્યસ્વરૂપી પૂત, સુખસિંધુ સ્વયં સંભૂત. ૭૬**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૯, ગાથા - ૨૦-૨૧)

**સુખનો ઉપાય : લોકાલોકપ્રકાશક આત્માને જાણ**

શિષ્ય પ્રશ્ન પૂછે છેકે—પ્રભુ ! આપે કહ્યું કે આ જગતમાં મોક્ષાર્થીને—હિતાર્થીને એક આત્મા જ ધ્યાન કરવા લાયક છે તો એ આત્મા કેવો છે ? તેનું શું સ્વરૂપ છે એ મને કૃપા કરીને સમજાવો.

શિષ્યના આ પ્રશ્નનો અહીં ઉત્તર આપવામાં આવ્યો છે :—

પ્રથમ જ લોકાલોક જાણવાની આત્માની શક્તિને સિદ્ધ કરે છે. આ જગતમાં ૧૪ રાજલોક અને ખાલી અનંત અલોક છે તેને સાક્ષાત્ જાણવાની શક્તિ એક આત્મપદાર્થમાં જ છે. પોતાની સત્તા ઉપરાંત બીજી પણ જગતમાં અનંત સત્તા છે—અનંત પદાર્થો છે તેનો આ આત્મા જાણનાર છે. લોકાલોકને આત્મા જાણે—સ્વીકારે પણ લોકાલોકને આત્મા બનાવે કે તેમાં ભળી જાય એવું આત્માના સ્વરૂપમાં જ નથી. રાગનું કરવું કે પરનું કરવું કે પરથી પોતાનું કામ થવું એ આત્માના સ્વરૂપમાં છે જ નહીં. અરે ! લોકાલોક છે માટે તેનો જાણનાર છે એમ પણ નથી. લોકાલોકને જાણવાનો આત્માનો સ્વતઃ સ્વભાવ છે.

અહીં ૨૦મી ગાથામાં આચાર્યદેવે આત્માને ચિંતામણિ કહીને વર્ણવ્યો અને તેનું ધ્યાન કરવાયોગ્ય કહ્યું ત્યારે શિષ્યને પ્રશ્ન ઊઠ્યો કે એ આત્મા છે કેવો ? તેથી મુનિરાજ કહે છે કે આત્મા લોકાલોકના જ્ઞાન જેવડો છે પણ લોકાલોકને કારણે નહિ, પોતાના સ્વતઃ સ્વભાવથી લોકાલોકને જાણનારો છે. આહાહા ! સર્વજ્ઞ પરમાત્મા સિવાય આ વાત ક્યાં હોઈ શકે ? આત્માનો જ્ઞાન સ્વભાવ, તે કોને ન જાણે ! બધાને જાણે !

આત્મા અનંત સૌખ્યવાન્ સુખસ્વભાવી છે. જ્ઞાન તો લોકાલોકપ્રમાણ છે પણ સુખ કેટલું ! તો કહે અનંત સુખ છે. જે સ્વભાવ છે તેને હદ શી ? આત્મા નિત્ય આનંદ સ્વરૂપ છે. પર્યાયમાં વિકૃત ભાવ કરીને જીવ દુઃખી થાય છે પણ એ તો પર્યાયમાં છે. સ્વભાવમાં દુઃખ નથી. સ્વાભાવિક અનંત આનંદની સત્તાને ધરનારો આત્મા છે. વળી કોઈ કહે કે આટલું બધું જ્ઞાન અને બેહદ આનંદ આત્મામાં છે તો આત્માની ક્ષેત્ર વ્યાપકતા કેટલી હશે ? લોક પ્રમાણ હશે ?

**સમયસાર શ્રુતિધાર, અવિકલપ અજલ્પાચાર;**
**શાંતિકરન ધૃતશાંતિ કલરૂપ મનોહરકાન્તિ. ૭૭**

તેને કહે છે કે આત્માની શક્તિને ક્ષેત્રની અમાપતાની જરૂર નથી. ભાવ અમાપતાની જરૂર છે. આત્માનું ક્ષેત્ર તો શરીરપ્રમાણ જ છે માટે ધ્યાનમાં શરીર જેટલા આત્માના ક્ષેત્રમાં જ એકાગ્ર થવાનું છે. તેમાં આખું સ્વરૂપ સમાઈ જાય છે. અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા શરીર પ્રમાણ પહોળો છે એટલા ક્ષેત્રમાં બેહદ જ્ઞાન–આનંદનો ભંડાર છે, અચિંત્ય શક્તિવાન છે.

આત્મા નિત્ય છે, વિનાશિક નથી. અનંત જ્ઞાન અને અનંત સુખ તેનો સ્વભાવ છે, શરીર પ્રમાણ પહોળો છે તથા સ્વસંવેદનપ્રત્યક્ષ છે. પોતાના જ્ઞાનની પર્યાયથી વેદવાલાયક છે. પોતાના જ્ઞાનમાં અનુભવગમ્ય થાય એવું જ આત્માનું સ્વરૂપ છે. રાગ અને નિમિત્તથી જણાય એવું તેનું સ્વરૂપ જ નથી. આવા આત્માના સ્વરૂપને જાણ્યા વગર ધ્યાન તે સસલાના શીંગડા જેવું છે. આત્માના સ્વરૂપને જાણ્યા પછી રાગ કે પાંચ ઈન્દ્રિય કે મનના અવલંબન વગર સીધો જ્ઞાનની પર્યાયમાં અનુભવમાં આવે એવો આત્માનો સ્વભાવ છે. આવા વસ્તુના સ્વરૂપને યથાર્થ જાણ્યા વગર ધ્યાન તે ધ્યાન જ નથી.

જુઓ, આ ઈષ્ટ ઉપદેશ ! પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા થઈને અનુભવ કરી શકે એવી શક્તિનું સત્ત્વ છે. જ્ઞેય થવા માટે કે જ્ઞાતા થવા માટે બીજાની જરૂર પડે એવું પરાધીન વસ્તુનું સ્વરૂપ જ નથી. સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા જોયો જાણ્યો તેવો જ કહ્યો છે. ભગવાન આ હરખજમણ જમાડે છે ભાઈ ! તું હરખ લાવીને તારા સ્વભાવનો વિશ્વાસ કરી જ્ઞાનનો દોર તેમાં બાંધ. પરમાં ક્યાંય હરખ લાવવા જેવું નથી. પોતે પોતાનું સ્વરૂપ સમજી, મહિમા લાવી તેમાં ઠરી જવા જેવું છે.

જ્ઞાન, આનંદ, પ્રભુત્વ, વિભુત્વ, પ્રકાશ, સ્વચ્છત્વ આદિ અનંત ગુણોનો પિંડ આત્મા પોતાના જ ભાવ એટલે પર્યાય દ્વારા જણાય છે. ભાવ દ્વારા જ ભાવવાન જણાય એવું એનું સ્વરૂપ છે. અહીં ભાવ એટલે પર્યાય સમજવી. પોતે જ જ્ઞાતા થઈને પોતાને જ્ઞેય બનાવી અનુભવ કરે તેમાં તેને કોઈ સહાયની જરૂર નથી. પોતાની પર્યાય સીધી સ્વસંવેદન કરે છે. સીધી એટલે વિકલ્પ કે રાગાદિની સહાય વગર સીધી આત્માને ગ્રહણ કરી લે છે. આ જ અનુભવની વિધિ છે. તેમાં કાંઈપણ ફેરફાર માનશે તો આત્માનો પત્તો નહિ લાગે.

પૂજ્યપાદસ્વામીએ ઢંઢેરો પીટીને ઈષ્ટોપદેશ જગતની સામે જાહેર કર્યો છે. આ કાંઈ ગુપ્ત રાખવાની ચીજ નથી. વ્યવહારની રુચિવાળાને પૂજ્યપાદ સ્વામી કહે છે કે

> **સિંહાસનપર આરૂઢ, અસમંજસહરન અમૂઢ;**
> **લોકજયી હતલોભ, કૃતકર્મવિજય ધૃતશોભ. ૭૮**

વ્યવહાર વડે આત્મા નહિ પમાય, તેના વડે તારી મોટપ તને લક્ષમાં નહિ આવે અને ત્યાં સુધી વીર્ય અંદરમાં નહીં વળે. આહાહા !.... ભારે વાત ! પર ચીજથી ધર્મ થાય એ વસ્તુના સ્વરૂપમાં જ નથી.

અહીં તો આઠ વર્ષની બાલિકા હોય કે ૧૦૦ વર્ષની ડોશી હોય કે મોટો અમલદાર હોય, બધાનો આત્મા આવો છે. શરીરમાં બધાને ભલે ફેરફાર છે પણ આત્માને શરીર સાથે કાંઈ સંબંધ નથી.

આત્માને લોકાલોકનો જાણનાર કહ્યો પણ લોક એટલે શું ? તો કહે છે કે લોક એટલે જેમાં અનંત જીવો, અનંત પરમાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, અસંખ્ય કાળાણુઓ અને લોકાકાશથી ભરેલો છે તે લોક. આ છએ દ્રવ્યો જ્યાં રહે છે તે લોક અને તે સિવાયનું ખાલી આકાશ તે બધું અલોક છે. છ દ્રવ્યોથી ભરેલું જ લોકનું અસ્તિત્વ છે અને જ્યાં બીજા દ્રવ્યોનો અભાવ છે તેવું અનંત—અમાપ આકાશ તે અલોકાકાશ છે. આવું આ અલોકાકાશ અને એ સિવાયના છ દ્રવ્યોને તેના ભેદ—પ્રભેદ સહિત, ગુણ—પર્યાયસહિત જાણવાનો આત્માનો સહજ સ્વભાવ છે.

જીવોને અધ્યાત્મશાસ્ત્રોનું વાંચન નહિ અને વ્યવહારના શાસ્ત્રોનો રસ ઘણો, પણ તેમાં આત્મતત્ત્વ હાથ નહિ આવે. અરે ! જીવને પોતાના તત્ત્વનું માહાત્મ્ય કેવું છે તેનું ભાન નથી.

બહારના સાધનથી આત્મા સમજાય એવો નથી. પોતાના જ જ્ઞાનથી બધાંની સત્તાને જાણે એવો આત્માનો સ્વતઃસ્વભાવ છે. લોકાલોક છે માટે તેને જાણે છે એમ પણ નથી. જાણવાનો સહજ પોતાનો સ્વભાવ છે. તેને જો કાઢી નાખીશ અથવા પરથી જાણવાનો સ્વભાવ માનીશ તો તારું અસ્તિત્વ જ નહિ રહે, આત્મા જ નહિ રહે.

(ક્રમશઃ) ❊


**શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા**

**પૂજ્ય ગુરુદેવશ્રીના ૮૮ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ**

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૮૮મા વર્ષનો મંગલ ઉત્સવ સ્વ. હીરાચંદભાઈ ત્રિભોવનદાસ દામાણી પરિવાર તરફથી સુવર્ણપુરી સોનગઢમાં ચૈત્ર સુદ–૧૩ ગુરુવાર તા. ૧૪–૪–૨૦૨૨ ના રોજ પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



### મનુષ્યગતિનાં દુઃખોનું વર્ણન

સંસારમાં પ્રથમ તો જાણે મનુષ્યપણું મળવું જ મુશ્કેલ છે. દુર્લભ મનુષ્યપણું પામ્યો તો તેમાં પણ દેહદૃષ્ટિથી જીવ દુઃખી થયો. આત્માના ભાન વગર અનેક પ્રકારનાં ઘોર દુઃખો એણે ભોગવ્યાં. નવ–નવ માસ સુધી ગર્ભના અશુચી સ્થાનમાં રહ્યા પછી જન્મ વખતે બહાર નીકળતાં પણ મહાન ત્રાસ પામ્યો. જન્મ વખતે અસહ્ય ભીંસમાં જ ઘણીવાર મૃત્યુ પામ્યો, માતાનું મોઢું પણ જોયું નહિ. હજી તો જન્મીને માતાની ગોદમાં આવે ને માતાની નજર તેની ઉપર પડે તે પહેલાં તો તે અનિત્યતાની ગોદમાં આવ્યો છે; છોકરો છે કે છોકરી, એ નક્કી કરે તે પહેલાં તો તેના આયુષ્યમાંથી અસંખ્યાત સમય ઓછા થઈ ગયા છે. અરે, ઘણા તો જન્મતાવેંત મરી જાય છે; હજી તેની માતા તેને જુએ પણ નહિ તે પહેલાં તો મરણ પામી જાય. માતાના પેટમાં પણ ઘણા જીવો મરી જાય છે. કોઈવાર જન્મ વખતની ભીંસથી માતા ને પુત્ર બંને મરી જાય છે—આવા ગર્ભ, જન્મ ને મરણના મહા દુઃખોથી સંસાર ભરેલો છે. સંસારમાં આવા દુઃખો જીવ પોતે ભોગવી જ રહ્યો છે છતાં તેનાથી છૂટવાની દરકાર નથી કરતો, ને બીજા કરતાં પોતાની અધિકતા દેખાડવાના માનમાં અવતાર ગુમાવી દે છે. સંસારમાં માત્ર મનુષ્યપણું મળવાથી કાંઈ જીવનાં દુઃખ મટી જતાં નથી. મનુષ્યપણું પામીને પણ જેઓ ધર્મ પામવાની દરકાર નથી કરતા તેઓ ચારગતિના ચક્રમાં દુઃખી જ થાય છે. તેથી કહે છે કે—

**બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,**
**તોયે અરે! ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો!**

મનુષ્ય થઈને પણ જો આત્માની ઓળખાણ ન કરી તો ભાઈ! તારા ભવચક્રના આંટા નહિ ટળે. મનુષ્યમાંથી પાછો ઢોરમાં ને નરકમાં અજ્ઞાનીપણે ભટકે છે; આ મનુષ્યપણું કાંઈ કાયમ રહેનાર નથી, માટે ઈન્દ્રિયસુખોની પાછળ (પૈસા મેળવવા પાછળ) એને ગુમાવીશ નહિ. કેમકે—


**મૃત્યુંજય અનજોગ અનુકમ્પ અશંક અસોગ;**
**સુવિધિરૂપ સુમતીશ, શ્રીમાન મનીષાધીશ. ૭૯**

**સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,**
**ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો!**

બાહ્યસુખોની પાછળ દોડતાં અંદરનું સાચું સુખ ભુલાઈ જાય છે ને ભાવમરણ થાય છે, એટલે કે જીવ દુઃખી થાય છે. જીવને દુઃખ ગમતું તો નથી, પણ અજ્ઞાનને લીધે તે દુઃખને જ ભોગવી રહ્યો છે. અરે, એ દુઃખ વચનથી કેમ કહ્યાં જાય? વચનમાં તો થોડુંક જ કથન આવે. બાકી તો વચનઅગોચર જે દુઃખો જીવ ભોગવે છે, તે કહેતાં પાર આવે તેવું નથી. મનુષ્યમાં ગર્ભ અને જન્મનાં જે દુઃખો ભોગવ્યાં તેની થોડીક વાત કરી; હવે ત્યારપછી બીજાં પણ કેવાં દુઃખો તે ભોગવે છે?—તે કહે છે.

## મનુષ્યપણાનાં બીજાં દુઃખો

**बालपनेमें ज्ञान न लह्यो, तरुण समय तरुणी रत रह्यो।**
**अर्धमृतकसम बूढापनों, कैसे रूप लखै आपनो ॥१४॥**




તીર્થંકર વગેરે જીવો તો બાળપણથી જ આત્મજ્ઞાન સહિત હોય છે, પૂર્વભવમાંથી જ આત્માનું જ્ઞાન સાથે લઈને અવતરે છે; ઉત્તમકાળમાં આત્મજ્ઞાન સહિત જીવો આ ભરતક્ષેત્રમાં પણ અવતરતા હતા, ને વિદેહક્ષેત્રમાં તો અત્યારે પણ એવા જીવો અવતરે છે. નવું આત્મજ્ઞાન આઠ વર્ષની વય પહેલાં ન પ્રગટે, પણ જે પૂર્વભવમાંથી જ આત્મજ્ઞાન સહિત અવતર્યા હોય તેને તો નાનપણથી પણ આત્મજ્ઞાન વર્તતું હોય છે. હજી પા–પા–પગલી માંડીને ચાલતાં પણ ન આવડતું હોય પણ અંદર દેહથી ભિન્ન આત્માનું જ્ઞાન વર્તતું હોય.—આવા આરાધક જીવો તો બાળપણથી જ જ્ઞાની હોય છે; પરંતુ અહીં એવા જીવોની વાત નથી, કેમકે તેઓ તો દુઃખથી છૂટીને સુખના પંથમાં આવી ગયા છે. અને અત્યારે કોઈ આરાધક જીવો આ ભરતક્ષેત્રમાં અવતરતા નથી, અહીં અવતર્યા પછી પૂર્વસંસ્કાર વગેરેથી કોઈ વિરલા જીવો જ્ઞાન પ્રગટ કરીને આરાધક થઈ શકે છે. અહીં તો જે જીવો મિથ્યાત્વાદિને સેવી રહ્યા છે એવા જીવોનાં દુઃખની વાત છે.　　　(ક્રમશઃ) ❋

**વિદિત વિગત અવગાહ, કૃતકારજ રૂપ અથાહ;**
**વર્દ્ધમાન ગુણભાન કરુણાધર લીલવિધાન. ૮૦**



## અનુભવપ્રકાશ ઉપર
## પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

(૩૩) ''વિશુદ્ધ જ્ઞાનકળા સાધક છે ને નિજ પરમાત્મા સાધ્ય છે.''

વિશુદ્ધ-નિર્મળ ચૈતન્યમૂર્તિ હું છું, શરીર પર છે ને વિકાર કૃત્રિમ છે એવો વિશુદ્ધ જ્ઞાનકળાભાવ સાધક છે ને નિજ પરમાત્મા સાધ્ય છે.

પરવસ્તુનાં ગ્રહણ—ત્યાગ આત્મામાં નથી. કાં તો આત્માના ભાન વિના ભ્રાંતિ તથા રાગદ્વેષને ગ્રહે અથવા આત્માના ભાન દ્વારા, ભ્રાંતિ, રાગદ્વેષને ત્યાગે. એ સિવાય બીજું કાંઈ કરી શકે નહિ. આત્માનું ભાન કરી જે ભલી ભાવના—વિશુદ્ધજ્ઞાનકળા પ્રગટ થઈ તે સાધન ને પરમાત્મા સાધ્ય છે.

(૩૪) ''વિવેક સાધક છે ને કાર્ય સાધ્ય છે.'' નિમિત્તથી ને રાગથી હું જુદો છું, અવિનાશી જ્ઞાનાનંદથી એકમેક છું તે વિવેકજ્ઞાન છે. શરીર, મન, વાણી મારાં નથી. એમ પરથી ભેદજ્ઞાન કરવું તે સાધક છે ને કાર્યદશા પ્રગટે તે સાધ્ય છે.

**''ધર્મ વાડીએ ન નીપજે, ધર્મ હાટે ન વેચાય;**
**ધર્મ વિવેકે નીપજે, જો કરીએ તો થાય.''**

ક્યો ધર્મ? પુણ્ય—પાપથી આત્માને જુદો માનવો તે વિવેક છે. વિવેકને સાધન બનાવી શાંતિ પામવી તેનું ફળ છે.

(૩૫) ''ધર્મધ્યાન સાધક છે ને શુક્લધ્યાન સાધ્ય છે.'' આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ છે. તેની અનાકુળ શાંતિમાં એકાગ્રતા કરવી તે ધર્મધ્યાન છે. તે ધર્મધ્યાન પલટીને શુક્લધ્યાન થાય છે. સ્વભાવ શુદ્ધ ચિદાનંદ સિદ્ધસ્વરૂપી છે. તેની અંતર શ્રદ્ધા ને એકાગ્રતારૂપી ધર્મધ્યાન સાધન છે. તેના પરિણામમાં શુક્લધ્યાન થશે. તેના ફળમાં સ્વર્ગ કે દેવની વાત નથી. શુક્લધ્યાન એટલે ઘણી ઉજ્જ્વળતાની પ્રાપ્તિ થવી તે છે.

(૩૬) ''શુક્લધ્યાન સાધક છે ને સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે.'' શુક્લધ્યાન સાધક છે. આત્માના જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્રતાની ખૂબ ઉજ્જ્વળતા કરવી તે શુક્લધ્યાન

**અક્ષયનિધાન અગાધ, હતકલિલ નિહતઅપરાધ;**
**સાધ્યરૂપ સાધક ધની, મહિમા ગુણમેરુ મહામની. ૮૧**

છે. અહીં ક્ષપકશ્રેણીના શુક્લધ્યાનની વાત છે. શુક્લધ્યાનના ફળમાં મોક્ષ થાય છે.

(૩૭) "વીતરાગભાવ સાધક છે ને કર્મ અબંધ સાધ્ય છે." રાગરહિત આત્માના પરિણામ સાધન છે અને કર્મનો અભાવ થવો તે ફળ છે. તીર્થંકરનામકર્મ બંધાય છે તે રાગના પરિણામથી બંધાય છે, પણ વીતરાગ પરિણામથી બંધાતું નથી.

(૩૮) "સંવર સાધક છે ને નિર્જરા સાધ્ય છે." આત્મામાં વિકારનું રોકાઈ જવું ને સ્વભાવના આશ્રયે શુદ્ધદશાનું પ્રગટવું તે સંવર છે. સંવર કારણ છે ને શુદ્ધતાનો વધારો થાય છે તે તેનું ફળ છે. લોકો સંવર કહે છે તેની વાત નથી, પણ શરીર, મન, વાણીથી પાર આત્મા છે તેનું ભાન કરી અશુદ્ધ પર્યાયનું અટકવું ને શુદ્ધ પર્યાયનું થવું તે સંવર છે. તે સાધક છે, તેનાથી શુદ્ધતા વધે છે. શુદ્ધિની વૃદ્ધિ થાય છે તે નિર્જરા છે.

(૩૯) "નિર્જરા સાધક છે ને મોક્ષ સાધ્ય છે." આત્મામાં અકષાય પરિણામ થવા તે નિર્જરા છે, તેના ફળમાં મોક્ષ સાધ્ય છે. અકામ નિર્જરાના ફળમાં પુણ્ય બંધાય છે તેની વાત નથી, તે ધર્મનું કારણ નથી, રાગદ્વેષથી જે કર્મ બાંધતો હતો તે રાગદ્વેષરહિત થઈને આત્મામાં અંતરવેપાર વધાર્યો તે નિર્જરાના ફળમાં મોક્ષ છે.

આ ગ્રંથ ગૃહસ્થ દીપચંદજીએ બનાવેલ છે. ગૃહસ્થ અવસ્થામાં રહેવા છતાં આવો સરસ ગ્રંથ બનાવેલ છે. આત્માને બૈરાં—છોકરાં નથી, મમતા કરે તેને નિમિત્ત છે. તે વખતે મમતા વિનાના આત્માનું ભાન કરે તો ધર્મ થાય. મારો વર્તમાનભાવ અનંતા ગુણોના પુંજ પ્રભુમાં આરૂઢ થાય તે નિર્જરા છે. તેથી શુદ્ધિની વૃદ્ધિ થાય છે. તેના ફળમાં મોક્ષ પ્રાપ્ત થાય છે.

(૪૦) "ચિદ્‌વિકાર અભાવ સાધક છે ને શુદ્ધોપયોગ સાધ્ય છે." જ્ઞાનમાં જે વિકાર જણાય તેનો અભાવ કરવો તે સાધક છે. વસ્તુ જ્ઞાનાનંદ છે તેની પર્યાયમાં થતા રાગ—દ્વેષમાં અટકે છે તેનો આધાર કરવો સાધક છે ને પુણ્ય-પાપ રહિત શુદ્ધ ઉપયોગમાં રહેવું તે ફળ છે. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૨૮ થી ચાલુ) (વૈરાગ્ય)

—આમ વિચારતા—વિચારતા રાજરાજેશ્વર ભરતના ચિત્તમાં વૈરાગ્યની વૃદ્ધિ થવા લાગી. પછી શું હતું ? તે જ ક્ષણે ચક્રવર્તીનો વૈભવ, રાજપાટ, સમસ્ત ભોગવિલાસની સામગ્રી સહિત છન્નુ હજાર રાણીઓથી વિમુખ થઈ ભરત ચક્રવર્તીએ જૈનેશ્વરી દીક્ષા અંગીકાર કરી તથા અંતર્મુહૂર્તમાં જ જ્ઞાનાનંદસ્વભાવી આત્માના બળથી કેવળજ્ઞાનરૂપી પરમપદને પ્રાપ્ત કરી લીધું.

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

## દ્વાદશ–અનુપ્રેક્ષા (બારસ અણુવેક્ખા)

### (૪) અન્યત્વાનુપ્રેક્ષા

मादापिदरसहोदरपुत्तकलत्तादिबंधुसंदोहो ।
जीवस्स ण संबंधो णियकज्जवसेण वट्टंति ।।२१।।

માતા, પિતા, સગા ભાઈ, પુત્ર તથા સ્ત્રી આદિ બંધુજનો–ઈષ્ટજનોનો સમૂહ જીવથી સંબંધ રાખવાવાળાં નથી. એ સઘળાં પોતાના કાર્યવશે સાથે રહે છે. ૨૧.

अण्णो अण्ण सोयदि मदो त्ति मम णाहगो त्ति मण्णंतो ।
अप्पाणं ण हु सोयदि संसारमहण्णवे वुड्डं ।।२२।।

આ મારો સ્વામી હતો, આ મરી ગયો એ પ્રકારે માનતો થકો અન્ય જીવ અન્ય જીવ પ્રત્યે શોક કરે છે પરંતુ સંસારરૂપી મહાસાગરમાં ડૂબી રહેલાં પોતાના પ્રત્યે પોતે શોક કરતો નથી. ૨૨.

अण्णं इमं सरीरादिगं पि होज्ज बाहिर दव्वं ।
णाणं दंसणमादा एवं चिंत्तेहि अण्णत्तं ।।२३।।

આ શરીરાદિક જે બાહ્ય પદાર્થો છે તે સઘળાં મારાથી અન્ય છે, જ્ઞાન-દર્શન જ આત્મા છે અર્થાત્ જ્ઞાન–દર્શન જ મારા છે આ પ્રકારે અન્યત્વ ભાવનાનું ચિંતન કરો.

### (૫) સંસારાનુપ્રેક્ષા

पंचविहे संसारे जाइजरामरणरोगभयपउरे ।
जिणमग्गमपेच्छंतो जीवो परिभमदि चिरकालं ।।२४।।

જિનેન્દ્રભગવાન દ્વારા પ્રણીત માર્ગની પ્રતીતિ નહિ કરતો થકો જીવ, ચિરકાળથી જન્મ, જરા, મરણ, રોગ અને ભયથી પરિપૂર્ણ પાંચ પ્રકારનાં સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ એ પાંચ પરિવર્તન જ પાંચ પ્રકારનો સંસાર કહેવાય છે. ૨૪.

#### દ્રવ્યપરિવર્તનનું સ્વરૂપ

सव्वे वि पोग्गला खलु भुत्तुज्झिया हु जीवेण ।
असयं अणंतखुत्तो पुग्गलपरियट्टसंसारे ।।२५।।

પુદ્‌ગલપરિવર્તન (–દ્રવ્યપરિવર્તન)રૂપ સંસારમાં આ જીવે એકલાએ જ સમસ્ત પુદ્‌ગલોને અનંતવાર ભોગવીને છોડ્યાં છે. ૨૫. (ક્રમશઃ) ❊

# જૈન એટલે જિનદેવનો ઉપાસક, તે કુદેવને કદી સેવે નહીં

ધર્મી જીવ વીતરાગ સર્વજ્ઞદેવને અને તેમના કહેલા જૈનમાર્ગને જ ઉપાસે છે; કુદેવાદિને સ્વપ્ને પણ ઉપાસતો નથી. અરે ભાઈ ! જૈન થઈને તું તારા ભગવાનને પણ ન ઓળખ, ને બીજાને માન, તો તું જૈન શેનો ? જૈન પોતાના સર્વજ્ઞ-વીતરાગ-અરિહંત અને સિદ્ધ ભગવાન શિવાય બીજાને તો, માથું જાય તોપણ દેવ તરીકે માને નહિ. જેને પોતાના હિત-અહિતનો વિચાર નથી, સ્વ-પરની ભિન્નતાનું ભાન નથી, સર્વજ્ઞદેવ તથા કુદેવ વચ્ચેનો વિવેક નથી, એવા મિથ્યાદષ્ટિ જીવો પોતે અંધ છે, સાચો માર્ગ તેમણે જોયો નથી, તો બીજાને તેઓ સાચો માર્ગ ક્યાંથી બતાવી શકે ? અને એવા અંધને અનુસરનારા જીવો સાચો માર્ગ ક્યાંથી પામી શકે ? જેણે પોતે કદી માર્ગ દેખ્યો નથી એવો આંધળો બીજા આંધળાને કહે તે તું આ માર્ગે આવ ! એની જેમ મિથ્યાદષ્ટિ જીવ-કે જેણે કદી આત્મા જાણ્યો નથી, મોક્ષમાર્ગ દેખ્યો નથી, સમ્યગ્જ્ઞાનચક્ષુ જેને ઊઘડ્યા નથી એવા અંધ જીવે બતાવેલા માર્ગથી અજ્ઞાનીઓ મોક્ષનો સાચો માર્ગ કઈ રીતે પામશે ? રાગથી ધર્મ મનાવે, શરીરની જડક્રિયાને આત્માની મનાવે,—એ તો બધી વાત આંધળાએ બતાવેલા માર્ગ જેવી મિથ્યા છે, ને તે સંસારના કુવામાં પાડનારી છે. જેઓ સર્વજ્ઞ પરમાત્માને ઓળખતા નથી, આત્મા શું તે જાણતા નથી-એવા મિથ્યાદષ્ટિ જીવોએ બતાવેલા કુમાર્ગને હે ભવ્ય ! તું માનીશ નહિ, એ માર્ગે જઈશ નહિ. સર્વજ્ઞના માર્ગને ઓળખીને ભક્તિથી તેનું સેવન કરજે. સર્વજ્ઞદેવના માર્ગને ઓળખીને સ્વ-પરનો વિવેક કરવો, અને સ્વતત્ત્વનો પરિચય તથા અનુભવ કરવો, તે દરેક જૈન-શ્રાવકનું કર્તવ્ય છે.

# સાધકની સાધનાધાર



## મહાન ગ્રંથ શ્રી સમયસારની પ્રાપ્તિ

સં. ૧૯૭૮-ઈ.સ. ૧૯૨૨માં શ્રી વીરશાસનના ઉદ્ધારનો, અનેક મુમુક્ષુના મહાન પુણ્યોદયને સૂચવતો એક પવિત્ર પ્રસંગ બની ગયો. વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્ય વિરચિત શ્રી સમયસાર નામનો મહાન ગ્રંથ ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવ્યો. સમયસાર વાંચતાં વાંચતાં જ તેમના હર્ષનો પાર ન રહ્યો. જેની શોધમાં તેઓ હતા તે તેમને મળી ગયું. શ્રી સમયસારજીમાં અમૃતના સરોવર છલકાતાં ગુરુદેવશ્રીના અંતરનયને જોયાં. એક પછી એક ગાથા વાંચતાં ગુરુદેવશ્રીએ ઘૂંટડા ભરી ભરીને તે અમૃત પીધું. ગ્રંથાધિરાજ સમયસારજીએ ગુરુદેવશ્રીના અંતર્જીવનમાં પરમ પવિત્ર પરિવર્તન થયું.

## અંતરાત્મધર્મનો ઉદ્યોત




સં. ૧૯૯૧-ઈ.સ. ૧૯૩૫ સુધી ગુરુદેવશ્રીએ સ્થાનકવાસી સંપ્રદાયમાં રહી બોટાદ, વઢવાણ, અમરેલી, પોરબંદર, જામનગર, રાજકોટ વગેરે ગામોમાં ચાતુર્માસ કર્યા અને શેષકાળમાં સેંકડો નાના મોટાં ગામોને પાવન કર્યાં. સૌરાષ્ટ્રના હજારો માણસોને ગુરુદેવશ્રીના ઉપદેશ પ્રત્યે બહુમાન પ્રગટ્યું. અંતરાત્મધર્મનો ઉદ્યોત ઘણો થયો.

સ્થાનકવાસી સાધુઓમાં ગુરુદેવશ્રીનું સ્થાન અજોડ હતું. 'કાનજી મહારાજ શું કહે છે'--એ જાણવા સાધુ-સાધ્વીઓ પણ ઉત્સુક રહેતાં.

## સંપ્રદાય પરિવર્તન

ગુરુદેવશ્રી સં. ૧૯૯૧ ઈ.સ. ૧૯૩૫ સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહ્યાં. પરંતુ અંતરંગ આત્મામાં વાસ્તવિક વસ્તુસ્વભાવ અને વાસ્તવિક નિર્ગ્રંથમાર્ગ ઘણા વખતથી સત્ય લાગતો હોવાથી તેઓશ્રીએ યોગ્ય સમયે સૌરાષ્ટ્રના સોનગઢ નામના



નાના ગામમાં 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના મકાનમાં સં. ૧૯૯૧ના ચૈત્ર સુદ ૧૩ને (મહાવીર જયંતી), મંગળવાર તા. ૧૬-૪-૧૯૩૫ના દિને 'પરિવર્તન' કર્યું—સ્થાનકવાસી, સંપ્રદાયનું ચિન્હ જે મુહપત્તિ તેનો ત્યાગ કર્યો. વિશ્વના આકાશમાં એક ઈતિહાસનું કોરું પાનું દેખાયું—જેમાં ભાવીનો ઈતિહાસ લખાવાનો હતો.

ગુરુદેવશ્રીએ જેમાં પરિવર્તન કર્યું તે મકાન વસતિથી અલગ હોવાથી બહુ શાંત હતું. થોડા મહિનાઓ સુધી આવા નિર્જન સ્થળમાં ગુરુદેવશ્રીના પરમ ભક્તિ જીવણલાલજી મહારાજ સાથે અને કોઈ દર્શનાર્થે આવેલા બે-ચાર મુમુક્ષુઓ સાથે સ્વાધ્યાય, જ્ઞાન-ધ્યાન વગેરેમાં લીન થયેલ ગુરુદેવશ્રીને જોતાં. ત્યારે હજારોની માનવમેદની સ્મૃતિગોચર થતી અને તે જાહોજલાલીને સર્પ-કંચૂકવત્ છોડનાર મહાત્માની સિંહવૃત્તિ, નિરીહતા અને નિર્માનતા આગળ હૃદય નમી પડતું. (ક્રમશઃ) ❋

ખાનદાન કુળ, ધનવાનપણું, નિરોગી શરીર તથા લાંબું આયુષ્ય એ બધુંય પામીને પણ અંતરમાં ઉત્તમ સરળ સ્વભાવ પામવો દુર્લભ છે. પરિણામમાં તીવ્ર વક્રતા હોય, મહાસંક્લિષ્ટ પરિણામ હોય, ક્રોધ, માન, માયા, લોભ તીવ્ર હોય ત્યાં ધર્મનો વિચાર ક્યાંથી કરે ? વિષય કષાયનો લંપટી હોય ને સરળ મંદકષાયના પરિણામ પણ ન હોય-તેને ધર્મની પાત્રતા પણ નથી. એટલે મંદકષાયનાં સરળ પરિણામ થવા પણ દુર્લભ છે. હજી ધર્મ તો જુદી ચીજ છે. સરળ પરિણામ થયા તે કાંઈ ધર્મ નથી. પણ અહીં તો એમ કહે છે કે, સરળ પરિણામ થવા પણ દુર્લભ છે. તો પછી ધર્મની દુર્લભતાની તો શી વાત ! ઘણા જીવોને સરળ પરિણામ થવા છતાં સત્સમાગમ મળવો દુર્લભ છે. કાઈક લૌકિક માણસો પણ મંદકષાયવાળા હોય છે, પણ વીતરાગી સર્વજ્ઞ શાસનના તત્ત્વ સમજાવનારનો સત્સમાગમ મળવો બહુ દુર્લભ છે. મંદકષાય કરે, પણ કુદેવ-કુગુરુના સંગે ચડીને ઊંધી શ્રદ્ધાને પોષીને મનુષ્યપણું હારી જાય છે. વીતરાગી દેવ-ગુરુનો સમાગમ મળવો મહા દુર્લભ છે. ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવનારા જ્ઞાની પુરુષોનો સમાગમ મહા ભાગ્યથી મળે છે, સત્ સમજવાની યોગ્યતા હોય ત્યારે આવી વાણી સાંભળવા મળે અને સત્સમાગમ પામીને પણ અંતરમાં સમ્યગ્દર્શન પામવું તે તો પરમ દુર્લભ છે.

—પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—શું રાગ પણ અસત્ છે? શું રાગથી સ્વને કે પરને લાભ થતો નથી?**

ઉત્તર :—ખરેખર આત્માના શુદ્ધસ્વભાવની અપેક્ષાએ રાગ અસત્ છે, તે રાગથી સ્વને કે પરને લાભ થતો નથી; જુઓ, જે રાગના નિમિત્તે તીર્થંકર નામકર્મ બંધાય તે રાગથી પણ કોઈને ખરેખર લાભ થતો નથી. કેમ કે તે જીવને પોતાને વર્તમાનમાં તે રાગને લીધે વીતરાગદશા અટકી છે, જ્યારે સ્વભાવના જોરે તે રાગને છેદશે ત્યારે વીતરાગતા અને મુક્તિ થશે. માટે તે રાગથી સ્વને લાભ નથી. હવે તે રાગથી પરને પણ લાભ નથી તે વાત સમજાવવામાં આવે છે. પ્રથમ તો તે રાગના નિમિત્તે જે તીર્થંકર નામકર્મ બંધાયું તેનું ફળ તો તે રાગનો અભાવ થયા પછી જ આવે છે અર્થાત્ જ્યારે તે રાગ છેદીને કેવળજ્ઞાન પ્રગટ કરે છે ત્યારે જ તે તીર્થંકર નામકર્મ ઉદયમાં આવે છે ને દિવ્યધ્વનિ છૂટે છે. હવે જ્યાં સુધી દિવ્યધ્વનિ સાંભળનારનું લક્ષ વાણી ઉપર છે ત્યાં સુધી તે જીવને વિકલ્પ અને રાગની ઉત્પત્તિ થાય છે, જ્યારે વાણીનું લક્ષ છોડીને પોતે પોતાના સ્વ લક્ષે ઠરે ત્યારે જ સમ્યગ્દર્શનાદિનો લાભ થાય છે. માટે નક્કી થયું કે રાગથી પરને પણ લાભ થતો નથી. પોતાને સ્વલક્ષે લાભ થયો ત્યાં ઉપચારથી એમ કહેવાય કે ભગવાનની વાણીથી અપૂર્વ લાભ થયો. અથવા તો 'ઉદય શ્રી જિનરાજનો, ભવિ જીવને હિતકાર.' પણ એ માત્ર ઉપચારનું કથન છે, ખરેખર પરથી લાભ થયો નથી. પોતાના રાગથી પણ લાભ થયો નથી, સ્વભાવના આશ્રયે જ લાભ થયો છે.

**પ્રશ્ન :—જ્ઞાની શુભરાગને ભલો જાણતો નથી તો અતિચારનું પ્રાયશ્ચિત્ત કેમ લ્યે છે?**

ઉત્તર :—પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત્ત આદિના શુભરાગને પણ ઝેરનો ઘડો કહ્યું છે, વિષયવાસનાનો અશુભરાગ તો ઝેર છે જ પણ શુભરાગ પણ ઝેર છે. ભગવાન આત્મા અમૃતનો કુંભ છે. રાગ તેનાથી વિરુદ્ધ જાત હોવાથી ઝેર છે

**પ્રશ્ન :—બધા જીવોથી મૈત્રીભાવ રાખવો તે શુભરાગ છે ને?**

**ઉત્પત્તિ-વ્યય-ધ્રુવવાન, ત્રિપદી ત્રિપુંજ ત્રિવિધાન;<br>જગજીત જગદાધાર, કરુણાગૃહ વિપત્તિવિદાર. ૮૨**

ઉત્તર :—બધા આત્માઓ સિદ્ધ સમાન છે, કોઈ પ્રત્યે રાગ-દ્વેષ નહિ એવો મૈત્રીભાવ તે જ્ઞાતાદ્રષ્ટારૂપ ભાવ છે, શુભરાગ નથી.

પ્રશ્ન :—પુણ્યથી મળતાં પૈસાને પાપ કેમ કહ્યું છે?

ઉત્તર :—પૈસાને દસ પ્રકારના પરિગ્રહમાં ગણેલ છે તે અપેક્ષાથી પાપ કહ્યું છે પણ ખરેખર તો પૈસા તે જ્ઞેય છે તેને મારા માને, મમતા કરે તે પાપ છે અને તે પાપમાં પૈસા નિમિત્ત છે તેથી તેને પાપ કહ્યું છે.

પ્રશ્ન :—પુણ્યભાવ તે અશુચિ અને જડસ્વભાવ છે એમ કહ્યું, તો ભક્તિ વગેરેનો શુભરાગ કરવો કે નહિ?

ઉત્તર :—જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી રાગ તેના કાળે થયા વિના રહેશે નહિ; પણ રાગ તે મારો સ્વભાવ નથી, મારો ચૈતન્યસ્વભાવ રાગરહિત છે—એમ અંતરમાં રાગ અને ચૈતન્યસ્વભાવનું ભેદજ્ઞાન કરવું જોઈએ. રાગ તો વીતરાગને ન થાય, પણ જે રાગી છે તેને તો રાગના કાળે ભક્તિ વગેરે ભાવ થયા વિના રહે નહિ. કાં તો તીવ્ર વિષયકષાયમાં પડેલા જીવને શુભરાગ ન થાય અને કાં તો વીતરાગ થઈ ગયા હોય તેને શુભરાગ ન થાય, પણ નીચલી દશામાં રહેલા પાત્ર જીવને તો ભક્તિ—સ્વાધ્યાય વગેરે શુભભાવો થયા વિના રહે નહિ. પણ તે રાગ વખતે ધર્મીને અંતરમાં ભાન હોય છે કે આ રાગભાવ છે તે મારા સ્વભાવથી વિરુદ્ધભાવ છે. મારો સ્વભાવ રાગનો કર્તા નથી. હું તો પવિત્ર ચૈતન્યસ્વરૂપ છું એ રીતે શુભરાગ થવા છતાં ધર્મી તેને પોતાનું કર્તવ્ય માનતો નથી. સ્વભાવના આશ્રયે જે વીતરાગભાવ પ્રગટ્યો તેને જ પોતાનું કર્તવ્ય માને છે.

પ્રશ્ન :—પુણ્ય–પાપના ભાવને જડ કેમ કહેવામાં આવે છે?

ઉત્તર :—પુણ્ય-પાપના ભાવમાં ચેતન નથી તેથી તેને જડ કહે છે, પુણ્ય—પાપ તે સ્પર્શ-રસ-ગંધવાળા જડ નથી પણ તેમાં જાણપણું નથી. સમયસારમાં જીવ—અજીવ અધિકારમાં તેને અજીવ કહ્યા છે અને કર્તા—કર્મ અધિકારમાં તેને જડ કહ્યાં છે. પુણ્ય—પાપ ભાવમાં જ્ઞાન નથી તે અપેક્ષાથી તેને જડ કહેવામાં આવે છે.

પ્રશ્ન :—શુભ–અશુભ ભાવનો વ્યવહારે ભેદ હોવા છતાં પરમાર્થે ભેદ માનનાર ઘોર સંસારમાં રખડશે તેમ શાસ્ત્રમાં કહ્યું છે, અને દેવ–ગુરુ–વાણી પુણ્ય વિના મળતા નથી તો આવતા ભવે તે મેળવવા માટે પુણ્યની તો અપેક્ષા રહે ને?

(જુઓ અનુસંધાન પેજ નં. ૮ ઉપર)

જગસાક્ષી વરવીર ગુણગેહ મહાગંભીર;
અભિનંદન અભિરામ, પરમેયી પરમોદ્દામ. ૮૩



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન* :—પુદ્‌ગલકા પરિણમન પ્રતિપલ સ્વયં હી હો રહા હૈ. ફિર ભી જ્ઞાનમેં યહ બાત ક્યોં નહીં આતી?

**સમાધાન** :—અનાદિકાલસે ભ્રમ હો રહા હૈ. ઈસલિયે યે સબ પુદ્‌ગલકા પરિણમન સ્વયં હી હો રહા હૈ વહ જ્ઞાનમેં કૈસે આવે? અનાદિસે સંકલ્પ-વિકલ્પપૂર્વક યે સબમેં એકત્વબુદ્ધિ હો રહી હૈ તો યથાર્થ બાત કહાંસે બૈઠે? અબ યથાર્થ સમજણ કરકે બિઠાના. યે સબ પુદ્‌ગલકા પરિણમન હૈ, મૈં ચૈતન્ય હૂં. યે શરીરકા ઔર બાહરકા જો ભી પરિણમન હૈ વહ પુદ્‌ગલકા હૈ. રોગ આતા હૈ વહ ભી પુદ્‌ગલકા પરિણમન હૈ, વહ આત્માકા પરિણમન નહીં. ઐસી યથાર્થ શ્રદ્ધા કરકે બાતકો બિઠાના. અનાદિકા અભ્યાસ હૈ ઔર એકત્વબુદ્ધિ ઐસી જોરદાર હો રહી હૈ, કિ બાત નહીં બૈઠતી. વારંવાર અભ્યાસ કરે, તભી યથાર્થ બાત બૈઠતી હૈ.

*પ્રશ્ન* :—ઇન્દ્રિયસુખ દુ:ખરૂપ હૈ તો, જૈસે યહાં સૂઇ ચૂભી તો દુ:ખ મહેસૂસ હુઆ; વૈસે ઇન્દ્રિયસુખ ભોગતે સમય વહ દુ:ખરૂપ મહેસૂસ ક્યોં નહીં હોતા?

**સમાધાન** :—ઉસકો યથાર્થ જ્ઞાન નહીં હૈ ઔર બુદ્ધિકા ભ્રમ હો ગયા હૈ ઈસલિયે દુ:ખ મહેસૂસ નહીં હોતા. નહીં તો ઈન્દ્રિયસુખ આકુલતારૂપ હૈ. ઈન્દ્રિય સુખવાલે આકુલતામેં પડે હૈં. ઉસમેં આકુલતા—દુ:ખ હૈ. લેકિન બુદ્ધિકા ભ્રમ હૈ. ઈસસે કલ્પનાસે સબ પદાર્થમેં સુખ માન લિયા હૈ. ભીતરમેં વિચાર કરે તો વહ દુ:ખરૂપ, આકુલતારૂપ હૈ. સ્વભાવસે વિપરીત સબ વિભાવદશા દુ:ખરૂપ હૈ, ઉસમેં આકુલતાકા વેદન હૈ, કલ્પનાસે ઉસમેં સુખ હૈ ઐસા લગતા હૈ, લેકિન વિચાર કરે તો દુ:ખ હૈ.

કભી ઐસા લગતા હૈ કિ ઈસમેં સુખ હૈ કિન્તુ સહીમેં વહ સબ દુ:ખરૂપ હૈ. દેવલોકમેં સુખ હૈ ઔર નરકમેં દુ:ખ હૈ ઐસા દિખનેમેં આતા હૈ. કિંતુ દેવલોકમેં ભી અંતરમેં તો આકુલતા હૈ, ઔર આકુલતા હી દુ:ખ હૈ. મૂલ દુ:ખ તો આકુલતાકા હૈ. દેવોંકો જો ભીતરમેં સંકલ્પ—વિકલ્પ હૈ વહ સબ આકુલતા—દુ:ખ હૈ, સ્વાધીન સુખ ઈસકા નામ હૈ કિ જિસમેં પર

સગુણ વિભૂતી વૈભવી સેમુષીશ સંબુદ્ધ;
સકલ વિશ્વકર્મા અભવ, વિશ્વવિલોચન શુદ્ધ. ૮૪

પદાર્થકે આશ્રયકી જરૂરત ન પડે. જો સ્વકે-ચૈતન્યકે આશ્રયસે પ્રગટ હોવે ઔર જો સ્વતઃસિદ્ધ પ્રગટ હોવે, વહ સચ્ચા સુખ હૈ. સુખ તો આત્માકા સ્વભાવ હૈ. જિસમેં પર પદાર્થકી, ઇન્દ્રિયોંકી જરૂરત પડે ઔર પરકે આશ્રયકી જરૂરત પડે વહ સુખ હી નહીં. જો પરાધીનતા હૈ વહ સુખ નહીં, દુઃખ હૈ. ''પરાધીન સ્વપ્ને સુખ નહીં'' ગુરુદેવ કહતે હૈં કિ જો ચૈતન્યકે આશ્રયસે પ્રગટ હોતા હૈ વહ સ્વાધીન સુખ હી યથાર્થ સુખ હૈ.

***પ્રશ્ન :***—કષાય અને જ્ઞાનની ભિન્નતા કેવી રીતે થાય તે કૃપા કરી સમજાવશો.

**સમાધાન :**—કષાય અને જ્ઞાનની ભિન્નતા તે બંનેનો સ્વભાવ ઓળખતા થાય. કષાયનો અને જ્ઞાનનો સ્વભાવ જુદો છે. કષાય છે તે આકુળતારૂપ છે, દુઃખરૂપ છે, ક્લેશરૂપ છે, તે શાંતિરૂપ નથી પણ અશાંતિરૂપ છે. જ્યારે જ્ઞાન છે તે શાંતિરૂપ છે, નિરાકુળ છે, જાણનાર છે. આમ બંનેનાં લક્ષણ ભિન્ન જાણવાથી કષાયથી જુદા પડાય છે. આત્મા જાણનારો જ્ઞાયક છે અને કષાય અશાંતિ, ક્લેશરૂપ છે. આ રીતે બંનેના સ્વભાવ જુદા છે. તેમાં જે જ્ઞાનસ્વભાવ છે તે હું છું, આ કષાયો હું નથી. તે મારો સ્વભાવ નથી, એમ જાણીને જ્ઞાયકને ગ્રહણ કરવો અને કષાયથી જુદાં પડવું એટલે કે ભેદજ્ઞાન કરીને જ્ઞાયકને ગ્રહણ કરવો અને જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરી, તેનું જ્ઞાન કરી કષાયથી જુદા પડવું. તે ન થાય ત્યાં સુધી વારંવાર ન્યારો થવાનો પ્રયત્ન કરે, કષાયથી પાછો વળે, જ્ઞાનની મહિમા આવે ને જ્ઞાનને ઓળખે તો ભેદજ્ઞાન થાય, જ્ઞાનસ્વભાવ ઓળખ્યા વિના ભેદજ્ઞાન થઈ શકતું નથી.

મુમુક્ષુઃ—જ્ઞાન અને કષાય એકમેક થઈ ગયા હોય તેવું લાગે છે?


બહેનશ્રીઃ—તેઓ એકમેક લાગે છે પણ તેમના સ્વભાવ જુદા છે. અનાદિની એકત્વબુદ્ધિ છે. એટલે કષાય એકરૂપ લાગે છે, પરંતુ જ્ઞાનસ્વભાવ તેનાથી જુદો છે. જ્ઞાન જાણનાર છે અને કષાય દુઃખરૂપ છે, કાંઈ જાણતો નથી, કષાયને જ્ઞાન નથી માટે કષાયથી જાણનાર જુદો છે. આકુળતા થઈ, રાગ થયો, દ્વેષ થયો, વિકલ્પ થયો તેનો જાણનારો જુદો છે. વિકલ્પ–વિકલ્પને જાણતો નથી, રાગ–રાગને જાણતો નથી, પણ તેનો જાણનારો છે તે જુદું તત્ત્વ છે. આ રીતે જાણનારો જુદો છે અને કષાયભાવો કે જે જાણતા નથી તે જુદા છે.

શિવનાયક શિવ એવ, પ્રબલેશ પ્રજાપતિ દેવ;
મુદિત મહોદય મૂલ, અનુકમ્પા સિંધુ અકૂલ. ૮૫

## બાળ વિભાગ

# ત્રિલોકમંડન હાથી

રાવણને હરાવીને લંકાથી પાછા આવતા સમયે ત્રિલોકમંડન હાથીને રામચંદ્ર-લક્ષ્મણ સાથે લાવ્યા જે તેમનો મુખ્ય હાથી હતો. તે એક દિવસે પોતાના બંધન તોડી ચિત્કાર કરતો ભાગવા લાગ્યો પરંતુ ભરતને દેખતા જ એકદમ શાંત થઈ ગયો. દેશભૂષણ-કુલભૂષણ કેવળી વિહાર કરતા અયોધ્યા આવ્યા ત્યારે રામચંદ્રજી, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન ત્રિલોકમંડન હાથી ઉપર બેસીને કેવળીના દર્શન માટે ગયા ત્યાં લક્ષ્મણજીએ કેવળી ભગવાનને હાથીના વિષે પૂછ્યું તેના ઉત્તરમાં ભગવાને તેના પૂર્વભવ કહ્યા ..હવે આગળ



દેશભૂષણ–કેવળીની સભામાં પોતાના પૂર્વભવની વાત સાંભળીને વૈરાગી ભરતે ત્યાં જ જિનદીક્ષા ગ્રહણ કરી અને પછી કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષને પ્રાપ્ત કર્યો. તેમનો મિત્ર ત્રિલોકમંડન હાથી પણ સંસારથી વિરક્ત થયો, અને તેને પણ આત્માનુભવ પ્રગટ કરીને શ્રાવકના વ્રત અંગીકાર કર્યા. વાહ ! હાથીનો જીવ શ્રાવક બન્યો....પશુ હોવા છતાં પણ દેવોથી મહાન બન્યો અને હવે અલ્પકાળમાં મોક્ષને પ્રાપ્ત કરશે.

શ્રી દેશભૂષણ–કેવળી પ્રભુની વાણીમાં આવેલી હાથીની સરસ વાત સાંભળીને રામ–લક્ષ્મણ આદિ બધા આનંદિત થયા. હે ભવ્ય પાઠકો ! તમને પણ આનંદ આવ્યો હશે. અને હાં ! તમે પણ હાથીની જેમ પોતાના આત્માને જિનધર્મમાં લગાવશો અને માન–માયા આદિ સર્વ પ્રકારના વિકારી ભાવોને છોડશો તો તમારું પણ કલ્યાણ થશે. હાથી અને ભરતના પૂર્વભવની વાત સાંભળીને રામ–લક્ષ્મણ આદિ બધાને આશ્ચર્ય થયું. ભરતની સાથે એક હજાર રાજાઓ પણ જિનદીક્ષા લઈને મુનિ થયા. ભરતની માતા કૈકેયી પણ જિનધર્મની પરમ ભક્ત બનીને, વૈરાગ્ય પ્રાપ્ત કરીને આર્યિકા થઈ. તેમની સાથે ૩૦૦ સ્ત્રિઓએ પણ પૃથ્વીમતિ માતાજીની પાસે જિનદીક્ષા લીધી. (પછી સીતાજીએ પણ પૃથ્વીમતિ માતાજીનાં જ સંઘમાં આર્યિકા દીક્ષા લીધી હતી.)

ત્રિલોકમંડન હાથીનું હૃદય તો કેવળી ભગવાનના દર્શનથી ફૂલ્યું સમાતું નહોતું, પૂર્વભવને સાંભળીને અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને તે એકદમ શાંત થઈ ગયો હતો. હવે સમ્યગ્દર્શન સહિત તે હાથી વૈરાગ્યપૂર્વક રહેતો અને શ્રાવકોના વ્રતોનું પાલન કરતો. પંદર-પંદર દિવસ કે મહિના–મહિનાના ઉપવાસ કરતો. અયોધ્યાના નગરજનો ખૂબ જ વાત્સલ્યપૂર્વક



તેને શુદ્ધ આહાર-પાણીના દ્વારા તેમને ભોજન કરાવતા હતા—આવા ધર્માત્મા હાથીને જોઈને બધાને તેના ઉપર પ્રેમ ઉમડતો હતો. ઉપવાસાદિ તપ કરવાથી ધીરે-ધીરે તેનું શરીર દુર્બળ થવા લાગ્યું અને અંતમાં ધર્મધ્યાન-પૂર્વક, દેહ છોડીને તે છઠ્ઠા સ્વર્ગમાં ગયો... અને થોડા સમયમાં મોક્ષ પ્રાપ્ત કર્યો.

બાળકો ! હાથીની સરસ ચર્ચા પૂરી થઈ, તેને સાંભળીને, તમે પણ હાથી જેવા બનો, હાથી જેવા મોટા નહીં પણ હાથી જેવા ધર્માત્મા થઈ જાવો, આત્માને સમજીને મોક્ષની સાધના કરો.

## વૈરાગ્ય

છ ખંડના અધિપતિ સર્વપ્રભુતાસંપન્ન ચક્રવર્તી સમ્રાટ ભરત વસ્ત્ર-આભૂષણથી અલંકૃત થઈને એકવાર જ્યારે રાજસિંહાસન પર શોભાયમાન હતા. ત્યારે તેમના હાથોની બધી આંગળીઓમાં રત્નજડિત વીંટીઓ શોભી રહી હતી. અચાનક એક આંગળીમાંથી વીંટી નીકળી ગઈ. જ્યારે ચક્રવર્તી ભરતનું ધ્યાન ખાલી આંગળી પર ગયું ત્યારે બીજી આંગળીઓની તુલનામાં તે આંગળી શોભા વગરની લાગી.

થોડો સમય વિચાર કરીને તેમણે બધી જ વીંટી ઉતારી દીધી. હવે તેમની બધી આંગળીઓ શોભાહીન દેખાવા લાગી હતી. હવે ચક્રવર્તી ભરતને ભાન થઈ ગયું કે “ આ અલંકાર વાસ્તવિક અલંકાર નથી. જે અલંકાર ક્ષણમાં શોભાહીન બનાવી દે, તે મારા અલંકાર ન હોઈ શકે. આ તો જડ, અચેતન, વિનાશ થવાવાળું છે; અચેતન શરીરની શોભાને વધારનારું છે. હું તો ચેતન, અવિનાશી અનંત ગુણાલંકારોથી સુશોભિત આત્મા છું. રત્નત્રય જ મારા સાચા આભૂષણ છે; જે એકવાર પ્રાપ્ત થઈ જવાથી તેને ફરી ઉતારવા પડતા નથી. મારી સુંદરતા અને શોભા તો રત્નત્રયના પવિત્ર આભૂષણોથી જ છે, માટે હવે આ જડ આભૂષણોને ફરીથી ધારણ નહીં કરું. જડ અલંકારોથી ચેતનની શોભા કેવી ? આ મૂર્તિક પુદ્‌ગલ—પ્રદેશોના પુંજ વિનાશિક જડ અચેતન છે અને હું અમૂર્તિક અનંતગુણોનો ધારણ કરવાવાળો અવિનાશી ચેતનસ્વરૂપ સુખનો પીંડ આત્મા છું; મારો અને તેનો કેવો મેળ;

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૮ ઉપર)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૪૫ થી ૯-૪૫ : શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ : શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

---

*** માનસ્તંભનો ૭૦મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ ***

ચૈત્ર સુદ ૧૦ તા. ૧૧-૪-૨૦૨૨, સોમવારના રોજ સોનગઢ શ્રી માનસ્તંભ પ્રતિષ્ઠાનો ૭૦મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

*** જાતિસ્મરણજ્ઞાન વાર્ષિક દિન ***

ચૈત્ર વદ-૮, તા. ૨૩-૪-૨૦૨૨, શનિવારના દિને પૂજ્ય બહેનશ્રી જાતિસ્મરણજ્ઞાનનો વાર્ષિક દિવસ છે. આ પ્રસંગ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

**શ્રી ખુશાલ જૈન અતિથિ ગૃહ**

**પૂજ્ય શ્રી કાનજીસ્વામી-પ્રભાવના યોગમાં નિર્મિત**

**કુંદકુંદ કહાન પારમાર્થિક અતિથિ ભવન તેમજ ભોજનાલય દ્વારા**

**આવશ્યક જાણકારી**

સહર્ષ જણાવવાનું કે અધ્યાત્મ-સાધના-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી સોનગઢમાં આત્મસાધનાની ભાવના ચરિતાર્થ કરવા પધારતાં સર્વે સાધર્મીઓને ઘર જેવી સુવિધા પૂરી પાડવાની ઉમદા ભાવનાને સાકાર કરવા નવનિર્મિત ઉપરોક્ત અતિથિ ભવનમાં આવાસની વ્યવસ્થા શરૂ થઈ ગયેલ છે. તેમજ ભોજન વ્યવસ્થા પણ ચાલુ જ છે.

જે સાધર્મીઓને આત્મહિતહેતુ સોનગઢ રહેવા માટે ઉપરોક્ત આવાસ તેમજ ભોજન વ્યવસ્થાનો ઉપયોગ કરવો હોય તેમણે નીચે દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર અગ્રીમ સૂચના આપવી અત્યંત જરૂરી છે તેની નોંધ લેવા સવિનય વિનંતી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, લેન્ડલાઈન – **02846–244358**

આવાસ-વ્યવસ્થા માટે–મોબાઈલ – **9499796994**

ભોજન-વ્યવસ્થા માટે–મોબાઈલ – **9499796998**

## વૈરાગ્ય સમાચાર :–

* દેવલાલી નિવાસી શ્રી કનુભાઈ મૂલચંદ દોશી (શ્રી વસંતભાઈ દોશી-મુંબઈના નાના ભાઈ) તા. ૨૧-૧-૨૦૨૨ દેહ પરિવર્તન થયેલ છે.
* વિંછીયા નિવાસી સોનગઢ-પાર્લાના મુમુક્ષુ સ્વ. અનિલભાઈ ઉદાણીના ધર્મપત્ની ઈલાબેનનું તા. ૨૪-૧-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સોનગઢ નિવાસી બા.બ્ર. વિમળાબેન રિખબદાસ જૈન (ઉ.વ. ૭૪) તા. ૨૫-૧-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* કાંદીવલી નિવાસી (હાલ સોનગઢ) શ્રી દિનેશભાઈ વોરા (ઉ.વ. ૭૦) તા. ૩-૨-૨૦૨૨ના રોજ સોનગઢ મુકામે દેહપરિવર્તન થયેલ છે.
* બોટાદ નિવાસી (હાલ પાર્લા-મુંબઈ) ચંદ્રાબેન વાડીલાલ કામદાર (ઉ.વ. ૯૭) તા. ૭-૨-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* રાજકોટ નિવાસી શ્રી હંસાબેન પ્રમોદભાઈ શાહનું તા. ૯-૨-૨૦૨૨ના દેહ પરિવર્તન થયેલ છે.
* બરવાળા (ઘેલાશા) નિવાસી મલાડ-મુંબઈના મુમુક્ષુ (હાલ અમેરિકા) શ્રીમતી ભાનુબેન વસંતરાય શાહ (ઉ.વ. ૮૫) તા. ૧૧-૨-૨૦૨૨ના દેહ પરિવર્તન થયેલ છે.
* પાર્લા-મુંબઈના મુમુક્ષુ લક્ષ્મીબેન ચંપકલાલ જૈન (ઉ.વ. ૮૧)નું તા. ૧૧-૨-૨૦૨૨ના દેહ પરિવર્તન થયેલ છે.
* પોરબંદર સોનગઢના મુમુક્ષુ શ્રી મનસુખલાલ રતિલાલ દોશી (ઉ.વ. ૯૪)નું તા. ૧૩-૨-૨૦૨૨ના દેહ પરિવર્તન થયેલ છે.
* સુરત નિવાસી શ્રી દિનેશચંદ્ર મનહરલાલ શાહનું તા. ૧૪-૨-૨૦૨૨ના રોજ સુરત મુકામે દેહ પરિવર્તન થયેલ છે.
* જમશેદપુર નિવાસી શ્રી દલસુખભાઈ મેઘાણીનું તા. ૧૫-૨-૨૦૨૨ના દેહ પરિવર્તન થયેલ છે.
* બોટાદ નિવાસી સ્વ. નીતાબેન પ્રકાશભાઈ ડગલી (ઉ.વ. ૭૫)નું તા. ૨૨-૨-૨૦૨૨ના દેહ પરિવર્તન થયેલ છે.
* દાદર મુંબઈના મુમુક્ષુ જસવંતીબેન ખુશાલચંદ ટીંબડીયા (ઉ.વ. ૯૦)નું તા. ૫-૩-૨૦૨૨ના દેહ પરિવર્તન થયેલ છે.
* નાસિક નિવાસી આત્માર્થી શ્રીમતી સ્નેહલતાબેન શિરિષચંદ્ર સંઘવી (ઉ.વ. ૭૯) (સ્વ. રસિકભાઈ સંઘવી સોનગઢના પુત્રવધૂ) તા. ૫-૩-૨૦૨૨ના દેહ પરિવર્તન થયેલ છે.
* અમદાવાદ-સોનગઢ નિવાસી શ્રી દિલીપભાઈ પ્રેમચંદભાઈ દામાણીનું તા. ૯-૩-૨૦૨૨ના દેહ પરિવર્તન થયેલ છે.
* સુદાસણ નિવાસી (હાલ મુંબઈ) મંગળાબેન અંબાલાલ મહેતા (ઉ.વ. ૯૪)નું તા. ૯-૩-૨૦૨૨ના દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૧૦૪)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલા પ્રશ્નોના કૌંસમાં આપેલ જવાબમાંથી
સાચો જવાબ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) બારમા બ્રહ્મદત્ત ચક્રવર્તી ................. તીર્થંકર ભગવાનનાં કાર્યકાળમાં થયા.
(પાર્શ્વનાથ, નેમિનાથ, મહાવીર)

(૨) લૌકાંતિક દેવોની ................. લેશ્યા હોય છે. (શુક્લ, પીત, પદમ)

(૩) દેવકુરુ અને ઉત્તરકુરુ એ ............. ભોગભૂમિ છે. (ઉત્તમ, મધ્યમ, જઘન્ય)

(૪) સનતકુમાર કામદેવ ................. તીર્થંકર ભગવાનના કાર્યકાળમાં થયા.
(ચંદ્રપ્રભુ, ધર્મનાથ, મલ્લિનાથ)

(૫) સુધર્માસ્વામી કેવળી ભગવાન .................. થી નિર્વાણ પામ્યા છે.
(પોદનપુર, તુંગીગિરિ, રાજગૃહી)

(૬) જંબૂદ્વીપમાં ................ અકૃત્રિમ જિન ચૈત્યાલય છે. (૫૨, ૧૦૮, ૭૮)

(૭) દ્રવ્યની હયાતી તેના .................. ગુણના કારણે છે.
(અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ)

(૮) ૧૦૦ ઈન્દ્રોમાં ભવનવાસી દેવોના ....... ઈન્દ્રો હોય છે. (૩૨, ૪૦, ૨૪)

(૯) યથાખ્યાત ચારિત્ર ................. ગુણસ્થાન સુધી હોય છે.
(૧૦ થી ૧૩, ૧૧ થી ૧૩, ૧૧ થી ૧૪)

(૧૦) આવતી ચોવીસીના ત્રીજા તીર્થંકર .................... નાથ થશે.
(કુલસુત, વિપુલ, સુપાર્શ્વ)

(૧૧) ત્રસ પર્યાયમાં રહેવાનો ઉત્કૃષ્ટ કાળ .................... છે.
(૨ હજાર સાગર, ૨૦ સાગર, ૨ ક્રોડાક્રોડી સાગર)

(૧૨) નિદાનજન્ય આર્તધ્યાન ........... ગુણસ્થાન સુધી હોય છે. (૫, ૬, ૪)

(૧૩) સમ્યક્દર્શન ઓછામાં ઓછા કેટલામાં ..........વરસે થાય છે. (૮, ૧૧, ૧૦)

(૧૪) ઋષભદેવ ભગવાનના સમવસરણમાં ....... ગણધર હતા. (૧૧,૮૪,૧૧૦)

(૧૫) ભવનત્રિક દેવોની લેશ્યા .............. હોય છે. (પીત, નીલ, પદ્મ)

(૧૬) વસ્ત્ર સહિત મુનિપણું માનવું તેને ................ મિથ્યાત્વ કહે છે.
(વિપરીત, વિનય, અજ્ઞાન)

(૧૭) ભોગભૂમિના તિર્યંચ બધા ................ હોય છે. (ગર્ભજ, અંડજ, રોમજ)

(૧૮) અઘાતિ કર્મોની પ્રકૃતિમાંથી કેટલી પુણ્ય પ્રકૃતિ છે. (૬૮, ૧૦૧, ૪૧)

(૧૯) કુંભાર ઘડાનો કર્તા ................. અપેક્ષાએ કહેવાય છે.
(નિમિત્ત-નૈમિત્તિક, ઉપાદાન-નિમિત્ત, વ્યાપ-વ્યાપક)

(૨૦) શરીર અને આત્મા વચ્ચે .................. સંબંધ છે.
(તાદાત્મ્ય, સંયોગસિદ્ધ, અનિત્ય તાદાત્મ્ય)

---

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન માર્ચ– ૨૦૨૨ના ઉત્તર

(૧) પુદ્‌ગલ
(૨) ત્રીજા
(૩) વ્યાપ્યવ્યાપક
(૪) નેમિનાથ
(૫) કાળ
(૬) અગૃહિત મિથ્યાત્વ
(૭) અનેકાંત
(૮) ૩૨
(૯) સિદ્ધવર
(૧૦) લેશ્યા
(૧૧) નિમિત્ત
(૧૨) વ્યુત્સર્ગ
(૧૩) યોગ
(૧૪) કાળ
(૧૫) સંજ્વલન
(૧૬) પીપરફળ
(૧૭) ટમેટા
(૧૮) અસંખ્યાત
(૧૯) અવધિ
(૨૦) જાતિસ્મરણ

---

## બાળકો માટેના આપેલ પ્રશ્ન માર્ચ – ૨૦૨૨ના ઉત્તર

(૧) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર
(૨) અજ્ઞાનથી
(૩) મિથ્યાત્વ
(૪) સમ્યક્ત્વ
(૫) ઉંધા
(૬) સ્વરૂપ
(૭) એકેન્દ્રિયપણામાં
(૮) મિથ્યાત્વાદિ
(૯) જ્ઞાન સ્વરૂપ જડ
(૧૦) જીવ જડ
(૧૧) અતીન્દ્રિય આનંદ
(૧૨) સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર
(૧૩) આત્મા વિપરીત
(૧૪) કુદેવ કુગુરુ કુધર્મ
(૧૫) મિથ્યાત્વ સમ્યક્ત્વ
(૧૬) સાત
(૧૭) શુદ્ધ જીવ
(૧૮) આસ્રવ બંધ સંવર નિર્જરા મોક્ષ
(૧૯) પર સ્વ
(૨૦) ઉપયોગ

## (૧૦૪)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા ભરો)

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની બીજી ઢાળમાંથી મળશે.)

(૧) જગતમાં ચેતન દ્રવ્ય .......... અને બાકીના પાંચ ................ દ્રવ્ય છે.

(૨) જગતમાં એક ............. દ્રવ્ય મૂર્ત અને બાકીના પાંચ ........... દ્રવ્ય છે.

(૩) આત્માને ................. વડે જાણી શકાય છે.

(૪) ............. અને ............... નું ભેદજ્ઞાન કરે તો વીતરાગ થવાય.

(૫) અરિહંતના ................ ને ઓળખે તો ............... છૂટે.

(૬) અજ્ઞાની જીવ ................. અને ............... માં અહંપણું કરી દુઃખી છે.

(૭) આત્મા સદા ............... વડે જીવે છે.

(૮) ઉપયોગ સ્વરૂપ ................. ને ઓળખે ત્યારે અરિહંત અને સિદ્ધની સાચી ઓળખાણ થાય.

(૯) ............ ને છોડીને .............. કરે તો સાચા સામાયિક પ્રતિક્રમણ થાય.

(૧૦) જગતમાં ............... ના .............. પદની વિભૂતિ ઉત્કૃષ્ટ છે.

(૧૧) ચૈતન્યમય ................... તે જીવનું નિજઘર છે.

(૧૨) ................ અને ............... તે જીવનું પરઘર છે.

(૧૩) ............. રૂપી મુગુટ અને ................રૂપી હાર વડે આત્મા શોભે છે.

(૧૪) ............ અને ........... નું ભેદજ્ઞાન કરે તે સાચો જૈન છે.

(૧૫) જડનો કર્તા .............. હોય ............... ન હોય.

(૧૬) જીવ અને શરીર વચ્ચે ................. અભાવ છે.

(૧૭) અવિનાશી ................... દ્રવ્યને ઓળખે તો મરણનો ભય ન રહે.

(૧૮) હું ................ છું, ................ હું નથી.

(૧૯) આત્મા પોતાના ................ ભાવથી જ જીવે છે.

(૨૦) દેહ અને .............. ને ............. લક્ષણથી ઓળખે તો જુદો દેખાય.

**અખિલ ગુજરાત શ્રી કુંદકુંદ કહાન પ્રભાવક યુવા મંડળ**

ઉપકૃત હ્રદયભીની ગુરુભક્તિ સહ

અધ્યાત્મસાધના તીર્થ સુવર્ણપુરીમાં ઉજવે છે

## અધ્યાત્મમાર્ગપ્રસારક, જ્ઞાયકયુગપ્રવર્તક, સ્વાનુભવવિભૂષિત પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૩૩મો

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૩૩મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ(સુવર્ણપુરી)માં અખિલ ગુજરાત શ્રી કુંદકુંદ કહાન પ્રભાવક યુવા મંડળ દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદ્‌નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૩૩મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૨૮-૪-૨૦૨૨, ગુરુવારથી તા. ૨-૫-૨૦૨૨, સોમવાર—પાંચ દિવસીય 'શ્રી ત્રિલોક અકૃત્રિમ જિનાલય પૂજા' પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક સીડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણ વર્ગ તથા ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

નિમંત્રક

અખિલ ગુજરાત શ્રી કુંદકુંદ કહાન પ્રભાવક યુવા મંડળના

જય-જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● કોઈ છરી લઈને મારવા આવે તો ડર લાગે, સર્પને દેખે તો ડર લાગે, વીંછીને દેખે તો ડર લાગે, શત્રુને દેખે તો ડર લાગે, આકરા રોગને દેખે તો ડર લાગે, પણ જે અનંતા ભવ કરાવનાર છે એવા મિથ્યાત્વભાવનો એને ડર લાગતો નથી. એ ડર લાગે તે સ્વભાવનું શરણ શોધવા જાય. ૫૦૬.

● સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પ સમૂહથી સર્વતઃ મુક્ત છે અનેક પ્રકારના વિકલ્પનો સમૂહ તે સમ્યક્‌જ્ઞાનના આભૂષણ એવા પરમાત્મતત્ત્વમાં—ત્રિકાળી તત્ત્વમાં નથી. સર્વ નય સંબંધી અનેક પ્રકારના વિચારો એ પણ પ્રપંચ છે. એ પણ ત્રિકાળી પરમાત્મતત્ત્વને વિષે નથી. એ વિકલ્પો નથી એ તો ઠીક પણ શુદ્ધ પર્યાયોની શ્રેણી-નિર્મળ પર્યાયોની ધારારૂપ ધ્યાનાવલી એ પણ પરમાત્મતત્ત્વમાં નથી. ધ્યાનાવલીનું જે ધ્યેય છે એવા પરમાત્મતત્ત્વમાં ધ્યાનની પરિણતિરૂપ પર્યાયો-ધ્યાનાવલી નથી. ભાઈ ! તું તો સદાય આવો પરમાત્મ સ્વરૂપે જ છો. ૫૦૭.


● ધ્યાન તે પર્યાય છે અને ધ્યેય તે દ્રવ્ય છે એવા અનેક પ્રકારના વિકલ્પોવાળું શુભ તપ છે. એ પણ કલ્પનામાત્રરમ્ય છે. ધ્યાનમાં અનેક પ્રકારની કલ્પના કરે કે આ દ્રવ્ય છે, આ પર્યાય છે, આત્મા આવો છે, આવો છે—એમ અનેક પ્રકારથી કલ્પના કરે તે પણ કલ્પનામાત્રરમ્ય છે. અહાહા ! આચાર્યદેવ નિયમસારમાં કહે છે કે આ શાસ્ત્ર મેં મારા માટે બનાવ્યું છે. તમારે સમજવું હોય તો સમજો. વસ્તુસ્થિતિ તો આવી છે કે આત્મધ્યાન સિવાયનું બીજું બધું જે કાંઈ શુભાશુભભાવો છે તે બધાય ઘોર સંસારનું મૂળ છે. આવું જાણીને જે બુદ્ધિમાન પુરુષો છે તે સહજ પરમાનંદરૂપી પીયુષના પુરમાં લીન થઈ સહજ એક પરમાત્મસ્વરૂપનો આશ્રય કરે છે. ૫૦૮.

● શુદ્ધનિશ્ચયનયથી મુક્તિમાં અને સંસારમાં તફાવત નથી. અહાહા ! ક્યાં પૂર્ણાનંદની પ્રગટતારૂપ મુક્તદશા અને ક્યાં અનંત દુઃખમય સંસાર પર્યાય ! છતાં તે મુક્તિ કે સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધતત્ત્વના રસિક પુરુષો કહે છે, કેમકે સંસાર પણ પર્યાય છે, અને મુક્તિ પણ પર્યાય છે. એ કોઈ પર્યાય આશ્રય કરવા લાયક નથી. એ અપેક્ષાએ મુક્તિમાં ને સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધતત્ત્વના રસિક પુરુષો એટલે કે શુદ્ધતત્ત્વના અનુભવી પુરુષો કહે છે. ૫૦૯.

આત્મધર્મ
એપ્રિલ-૨૦૨૨
અંક-૮ ● વર્ષ-૧૬

Posted at Songadh PO
Publish on 1-4-2022
Posted on 1-4-2022

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org